નવેમ્બર ૨૦૨૦

# દાદાવાણી

છૂટક પ્રતના ₹ ૧૫






પરમ પૂજ્ય દાદા ભગવાનની ૧૧૩મી જન્મજયંતીની ઉજવણી

ઓનલાઈન ઈન્ટરનેટ / ટી.વી. દ્વારા લાઈવ નિહાળો

તા. ૨૬ થી ૩૦ નવેમ્બર ૨૦૨૦

મિડલ ઈસ્ટ અને આફ્રિકાના મહાત્માઓ માટે ઓનલાઈન શિબિર : તા.૨ થી ૪ ઓક્ટોબર ૨૦૨૦



## પરમ પૂજ્ય દાદા ભગવાનનો ૧૧૩મો જન્મજયંતી મહોત્સવ તથા 'આપ્તવાણી-૧૪' પારાયણ



લાઈવ ટેલિકાસ્ટ નિહાળો

अरिहंत

ચેનલ પર...




કાર્યક્રમની વધુ વિગત માટે પેજ નં. ૨૬ જુઓ

વર્ષ : ૨૬, અંક : ૩
સળંગ અંક : ૩૦૩
**નવેમ્બર ૨૦૨૦**
પાનાં : ૨૮

**Editor : Dimple Mehta**
© 2020,
Dada Bhagwan Foundation.
All Rights Reserved.

**Printed by & Published by**
**Dimple Mehta on behalf of**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421

Owned by & Published at
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421

**Printed at**
**Amba Offset**
B-99, GIDC, Sector-25,
Gandhinagar – 382025.

**સંપર્ક સૂત્ર :**
**અડાલજ ત્રિમંદિર**, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો.: અડાલજ-૩૮૨૪૨૧
જિ. ગાંધીનગર, ગુજરાત.
**ફોન :** 9328661166-77
email:dadavani@dadabhagwan.org
www.dadabhagwan.org
દાદાવાણી ફરિયાદ માટે : 8155007500

**લવાજમ (ગુજરાતી)**
**૧૫ વર્ષ**
ભારત : ૧૫૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫૦ ડોલર
યુ.કે. : ૧૨૦ પાઉન્ડ
**વાર્ષિક સભ્ય**
ભારત : ૧૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૨ પાઉન્ડ
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# દાદાવાણી

## 'જ્ઞાની' મુક્ત સદાય, અભિપ્રાય-પૂર્વગ્રહથી

### સંપાદકીય

જ્ઞાની પુરુષની ઓળખાણ એક માત્ર તેમની વીતરાગ વાણી ઉપરથી થઈ શકે. બીજું કોઈ સાધન આ કાળમાં નથી. પૂર્વેના કાળમાં લોકો એટલા ડેવલપ હતા કે આંખ જોઈને વીતરાગતા ઓળખી જતા. આ સંસાર વ્યવહારમાં પણ જ્ઞાની પુરુષ એક સમય માત્ર વીતરાગતા વિહોણા ના હોય.

હવે આવી વીતરાગતા, વાણી સિવાય ઓળખવી કઈ રીતે ત્યારે કહે, એમના જીવનપ્રસંગોના તારણ પરથી. વીતરાગતા એટલે કે રાગ-દ્વેષ રહિત દશા, અભિપ્રાય મુક્ત દશા. પ્રસ્તુત સંકલનમાં આપણને જ્ઞાની પુરુષના અભિપ્રાય રહિત જીવનની એક ઝાંખી મળે છે. જેમાં આપણને એમની આત્મિક પરિણતિનો પરિચય સાંપડે છે.

પરમ પૂજ્ય દાદા ભગવાન (દાદાશ્રી) કહે છે કે અમારું મન અમને વશ રહે કાયમનું, તે અભિપ્રાય જ ના આપીએ ને ! ઠેઠ સુધી મન બિલકુલ હેરાન ના કરે. ભગવાનનું મન સમયવર્તી હોય અને અમારું ક્ષણવર્તી ફર્યા કરે. અમારે અમારાપણું ના હોય, એટલે ભાંજગડ જ નહીં કશી. અમે તમને જ્યારથી જોયા, જ્યારથી ઓળખ્યા, ત્યારથી અમારો કોઈ દિવસ અભિપ્રાય ના બદલાય. પછી તમે આમ ફરો કે તેમ ફરો, અમે ભીતરની દૃષ્ટિથી ભાળ્યું છે કે તમે તમારા કર્મના ઉદયને આધીન છો. દાદા ચામડાની આંખેથી દેખાતા ચોરને 'એ ચોર છે' એવા અભિપ્રાય ક્યારેય પેસવા ના દે. ચોર એના કર્મ ઉદયને આધીન છે. એનો ભરેલો માલ નીકળે છે, સંજોગોના દબાણને લીધે કરી હોય. ચોરી વખતે એના ભાવ ચોરીના ના પણ હોય. આ જ ચોર ગમે ત્યારે શાહુકાર બની શકે, આવી વિવિધ સમ્યક્ સમજણ સાથે મૂળ તો એ પોતે શુદ્ધ સ્વરૂપ જ છે, એ બિલીફ બદલાવા ના દે.

પ્રસ્તુત અંકમાં દાદાશ્રી, પોતે પોતાની જાત માટેના અભિપ્રાય, વસ્તુઓ માટેના અભિપ્રાયો, પછી પોતે લોકોને માટે આપેલા અભિપ્રાયો અને લોકોએ પોતાને માટે આપેલા અભિપ્રાયો, ત્યાં કઈ રીતે જ્ઞાન જાગૃતિ ગોઠવવી એની જ્ઞાનીની અનુભવ સિદ્ધ સમજ પ્રદાન કરે છે.

જીવન વ્યવહારમાં દાદાશ્રી પોતાની દશાનું વર્ણન કરતા કહે છે કે અમને નિરંતર સ્વભાવજાગૃતિ રહે છે. અભિપ્રાયોના આવરણોથી તો જાગૃતિ રૂંધાય છે. અનંતકાળ થયા સ્વરૂપનું વિસ્મરણ થયું હતું, આત્મજ્ઞાન પછી તેનું પ્રતીતિ સ્વરૂપે સ્મરણ થયું. હવે મહાત્માઓનું અમૂલ્ય એવું આ જીવન સંસારના ક્ષુલ્લક પ્રસંગોમાં સારું-ખરાબ, રાગ-દ્વેષના અભિપ્રાયોની આડગલીમાં નહીં વેડફાતા, અભિપ્રાયોથી મુક્ત થઈ આત્માની અનંત સમાધિની શ્રેણીઓ કેળવાય એ જ અભ્યર્થના.

**જય સચ્ચિદાનંદ.**

# 'જ્ઞાની' મુક્ત સદાય, અભિપ્રાય-પૂર્વગ્રહથી

## નિરંતર સહજ, પરિણામે સમાધિ

**પ્રશ્નકર્તા :** દાદા, આપ્તસૂત્ર નં-૧૧૮૩માં લખ્યું છે, કે જે બાબતને માટે જેના અભિપ્રાય બંધાયેલા હોય, તે આપણને ખૂંચ્યા જ કરતું હોય અને તે અભિપ્રાય આપણે છોડીએ, તો સહજ થવાય. આ સૂત્ર સમજાવો ને !

**દાદાશ્રી :** સહજ થવું હોય તો અભિપ્રાય ના હોવો જોઈએ. અમે સહજ, નિરંતર એ સમાધિ. કાયમ કશી ભાંજગડ ન હોય. ગાળ ભાંડે તોય ભાંજગડ નહીં ને જેલમાં ઘાલે તોય ભાંજગડ નહીં. મારે તોય ભાંજગડ નહીં. કેવી મજા આવે, નહીં ?

## જ્ઞાન પહેલા, રિવર્સ ગાડીની સમજણ

અમારે નાનપણમાં આવી બુદ્ધિ હતી, સામાને માટે 'સ્પીડી' (ઉતાવળે) અભિપ્રાય બાંધી દે. એટલે હું સમજી જાઉં કે તમારું આ બધું શું ચાલતું હશે ?

એટલે અમને જ્યારે જ્ઞાન નહોતું થયું ને, તે મને પ્રિજ્યુડીસ થયેલો હોય ને તો હું શું કરું ? બહુ સારા માણસ છે, બહુ સારા માણસ છે. આ તો મારી જ ભૂલ છે. તે પછી સારું દેખાય પાછું.

અમને પહેલા અભિપ્રાય રહે, 'આ ખરાબ છે', તો અમે તરત જ કહેતા, 'બહુ સારા છે.' એટલું કહેતાંની સાથે ચૂપ. અભિપ્રાય એટલે શું ? રિવર્સમાં લીધી ગાડી કે બંધ. 'બહુ સારા' કહેવું જોઈએ. તોય ના માને તો 'ઉપકારી છે' એવું કહેવું જોઈએ. ઉપકારી કહીએ ત્યારે માને.

## પ્લસ-માઈનસની અનોખી રીત

એક જણ મને કહે કે 'એક મોટા સંત પુરુષ છે, તેમને ત્યાં હું જાઉં છું. એમના દર્શન કરું છું. હવે પાછા મને મનમાં એમને માટે ખરાબ વિચારો આવે છે.' મેં એમને પૂછ્યું, 'તમને શું વિચાર આવે છે ?' ત્યારે એમણે મને કહ્યું, 'આ મહારાજ નાલાયક છે, દુરાચારી છે એવા વિચારો આવે છે. હું એમને પગે પણ લાગું છું.' ત્યારે મેં કહ્યું, 'તને આવા વિચારો કરવાના ગમે છે ?' ત્યારે એ કહે કે 'નથી ગમતું છતાંય એવા વિચારો આવે છે, તો આનું શું થાય ?' હવે આ શી રીતે નીકળે ? તમે આનો શું ઉપાય કરો ? તમને આવું થતું હોય તો તમે શું કરો ? આમાં દોષ કોનો ? એટલે મેં એને કહ્યું, 'ભઈ, જો તને આવા ખરાબ વિચાર આવે કે આ ખરાબ છે, નાલાયક છે, તે વખતે તારે શું કરવું એ તને સમજાવું.' એક બાજુ આવો વિચાર આવે છે તે આપણા હાથના ખેલ નથી, તો આપણા હાથના ખેલ શું છે ? ત્યારે આપણે બોલવાનું કે 'આ તો બહુ ઉપકારી છે, બહુ ઉપકારી છે.' મન 'ખરાબ છે, ખરાબ છે' એમ બોલ્યા કરે અને આપણે 'બહુ ઉપકારી છે, બહુ ઉપકારી છે' એમ બોલ્યા કરીએ એટલે બધું પ્લસ-માઈનસ (સરવાળા-બાદબાકી) થઈને ખલાસ થઈ જશે.

કેવા કેવા વિચારો લોકોને આવે છે નહીં ! હવે વિચાર એ કંઈ પોતે નથી. એ તો પહેલાં જે અભિપ્રાય ભરેલા તે જ નીકળ્યા કરે છે, કે આ આવો જ છે. તો એના તરફ એવા વિચાર નીકળ્યા કરે છે, અભિપ્રાય જ ખાલી. સાચો કે ખોટો કશું જોયા વગર તે અભિપ્રાય નીકળ્યા કરે છે. કારણ કે ભરેલો માલ આપણો આવો છે. માટે એવો માલ મોકલો કે પેલા માલનું ચાલે નહીં કશું અને એનું સાંભળીએ તો આપણે ગાંડા થઈ જઈએ.

## મન એ જ અભિપ્રાયોનું બંડલ

આ મન શું છે એના જગતમાં ફોડ પડ્યા

જ નથી. અમે થોડું ઘણું બહાર પાડ્યું છે. મન એ અભિપ્રાયોનું બનેલું છે. મન શું છે ? પહેલાંના અભિપ્રાયોનું બંડલ એ મન. અને આજે નવું જ્ઞાન મળ્યું એટલે અભિપ્રાય બદલાઈ જાય. સમજાયું આપને ? મન એ આપણા પોતાના જ અભિપ્રાયોનું બંડલ છે ને તે આપણને જ દેખાડે છે. પણ એ પહેલાંના અભિપ્રાય, આજે અભિપ્રાય બદલાઈ ગયેલો હોય. બદલાય કે ના બદલાય ? વખત જાય એટલે જ્ઞાન બદલાય તેમ અભિપ્રાય બદલાય.

આ મનને મેં અભિપ્રાય કહ્યો એટલે તમને મનની કિંમત ઊડી ગઈ કે ના ઊડી ગઈ ? અભિપ્રાયો જ છે ખાલી, બીજું કશું છે નહીં.

**પ્રશ્નકર્તા :** તકલીફ તો બધી અમને અમારા અભિપ્રાયો કરે છે ને ?

**દાદાશ્રી :** એ અભિપ્રાય પાછા આપણા જ છે. એની પર ટક્કર ખાઈને શું કામનું ? એટલે આપણે નક્કી કરવાનું કે ભઈ, તે દહાડે આવો અભિપ્રાય બાંધ્યો હશે, તે પ્રમાણે આજે બોલે છે. આજે આપણું જ્ઞાન નવું છે, એટલે આપણને ડિફરન્ટ (જુદું) લાગે છે. ત્યાં આગળ મૌન પકડી લેવાનું, સમભાવે નિકાલ કરી નાખવાનો.

તમારે એવી ટકરામણ નથી થતી ?

દરેકને ટકરામણ થાય જ. કારણ કે પેલું જ્ઞાન પહેલાંનું છે, મનના અભિપ્રાય પહેલાંના છે. તે આપણા જ અભિપ્રાય છે. (મન) સિલકમાં રાખીને આજે આપણને પ્રગટ કરે છે. આજનું જ્ઞાન બદલાયું છે. જગત પહેલાંના અભિપ્રાયના આધારે ચાલે છે અને ટકરામણ થાય એ નકામી.

## આજના જ્ઞાન પ્રમાણે ચાલે જ્ઞાની

**પ્રશ્નકર્તા :** એ જે અભિપ્રાયો આવે છે અને એ મનની ગ્રંથિઓ બૂમાબૂમ કરે છે, તે વખતે 'આપણા'થી એના પ્રવાહમાં ખેંચાઈ જવાય છે ને ?

**દાદાશ્રી :** ખેંચાઈ જવાય છે, તેટલું ખબર પડે ને ! એવું છે, હું ૧૬-૧૭ વર્ષનો હતો, ત્યારે એક ફેરો ટ્રેન માટે પ્લેટફૉર્મ ઉપર ઊભો રહેલો અને ગાડી આવી. તે મને હું આમ ફરતો લાગ્યો, 'અરે, હું ઢસડાયો આ તો' કહ્યું. એમ અભિપ્રાયો આવે ત્યારે 'હું ઢસડાયો' એવું લાગે, એ એટલી નબળાઈ આપણી ! એટલે ફરી ફરી, વારેઘડીએ નક્કી કરવું જોઈએ કે 'હું ઢસડાતો નથી, આ ગાડી જાય છે.' આ સમજાય તો પછી એવું કંઈ થતું નથી.

**પ્રશ્નકર્તા :** દાદા, તમારે એવું થાય કે તમારા આજના અભિપ્રાયથી મન જુદું બતાવે ?

**દાદાશ્રી :** ના, જુદું ના બતાવે. કો'ક વખત જુદું બતાવે, તે કેવું ? આમ આંગળી ઊંચી કર્યા જેવું. બાકી, ના બતાવે. તમારેય આવું થાય તો તમારું કામ નીકળી જાય ને !

મહીંથી મન શું કહે ? 'આ ખાવ ને !' પાછલું જ્ઞાન કહે છે, ખાવ ને ! અમે કહીએ કે ભઈ, એ ખવાય નહીં. તમે બૂમો પાડો તો નકામું છે. અમે અમારા આજના જ્ઞાનના આધારે ચાલીએ, આજના અભિપ્રાયથી ચાલીએ.

## મનના ફેરવ્યા ફરો તમે

**પ્રશ્નકર્તા :** અમે પહેલાનું મન એવું લઈને આવેલા એટલે મન આવું ઊંધું બતાવે ?

**દાદાશ્રી :** મનનો શો સવાલ ? તમારું ઠેકાણું નથી. મન તો બિચારું ન્યુટ્રલ (તટસ્થ) વસ્તુ છે.

**પ્રશ્નકર્તા :** મારું એટલે ?

**દાદાશ્રી :** તમે પોતે.

**પ્રશ્નકર્તા :** અહંકારનું ?

**દાદાશ્રી :** તમારા અભિપ્રાયનું ઠેકાણું નહીં ને એ બદલાઈ જાય તો તમે બદલાઈ જાવ. મન તમને ફેરવી નાખે. તમારે મનને ફેરવવું જોઈએ.

## ઓપિનિયનના દ્વન્દ્વોથી મનનું સર્જન

તમે કાલે સવારે અભિપ્રાય બાંધવાના છોડી દો તો મન બંધ થઈ જાય. કોઈ અભિપ્રાય બાંધો કે તરત નવું મન આગળનું ઉત્પન્ન થઈ જશે. બસ, અભિપ્રાય જ છે. મનને બહુ મોટી ચીજ ગણવામાં આવી છે, પણ એ અભિપ્રાયોથી મન ઊભું થયું છે.

આપણે જે ઓપિનિયન (અભિપ્રાય) આપીએ છીએ દરેક બાબતમાં, એનાથી દ્વન્દ્વોનું સર્જન થાય છે અને દ્વન્દ્વોના સર્જનથી મનનું સર્જન થાય છે. એ ઓપિનિયન બંધ થયો એટલે મન બંધ થઈ ગયું. આપને સમજમાં આવે છે ?

**પ્રશ્નકર્તા :** પણ મન ઈચ્છામાંથી નથી થતું ?

**દાદાશ્રી :** ઈચ્છાઓ અને મનને કશું લેવાદેવા નથી. ઈચ્છા ઓપિનિયનમાંથી જ થઈ છે બધી. ઈચ્છાનો વાંધો નથી. તમે જલેબી ખાવ તેનો વાંધો નથી. તેથી મન ઊભું થતું નથી. તમે ઓપિનિયન આપો કે 'સારી છે' એટલે મન ઊભું થાય.

## જ્ઞાને કરી મન બંધાય

ગમે તે રસ્તે મનને બાંધવું પડે પાછું, નહીં તો મન છૂટું થઈ જાય. હેરાન કરે, બીજું કશું નહીં. આપણા જ્ઞાનને લઈ લેતું નથી, પણ દબડાવ દબડાવ કર્યા કરે. જે જ્ઞાન છે ને, તે જ્ઞાનના આધારે તમે મનને કાબૂમાં, કંટ્રોલમાં લઈ શકો. જે કૂદાકૂદ કરતું હોય તે બંધ થઈ જાય.

હંમેશાં મન કોઈ ચીજથી બંધાય એવું નથી, જ્ઞાને બાંધ્યું મન રહે. જ્ઞાન એકલાથી જ બંધાય એવું છે આ. બાકી મન કોઈ દહાડો કંટ્રોલમાં રહી શકે નહીં. એ મિકેનિકલ વસ્તુ છે, છતાં એ જ્ઞાનથી બંધાય એવું છે. એમ કરતું કરતું દહાડે દહાડે મન એક્ઝોસ્ટ થયા કરે, એટલે છેવટે એ ખલાસ થઈ જવાનું. નવી શક્તિ મળતી નથી, જૂની શક્તિઓ વિખરાયા કરે. તે મન પછી ખલાસ થઈ જવાનું. અમારે થઈ ગયું ને, પંદર-વીસ વર્ષે અમારે મન ખલાસ થઈ ગયું !

## જ્ઞાનીનું મન ઉકલે અભિપ્રાયો રહિત

અમને કોઈનો અભિપ્રાય ન હોય ને અમારું મન ખાલી થઈ ગયેલું હોય, એક્ઝોસ્ટ થઈ ગયેલું હોય, છતાં પણ મન ચાલુ હોય. આ પંખો ફરે છે ને, એવી રીતે અમારું મન ચાલુ હોય. અમારું મન ભગવાન મહાવીર જેવું ફર્યા કરે. કોઈ પણ જગ્યાએ ચોંટે નહીં. એક સેકન્ડે એક જગ્યાએ વાર ન લગાડે. ઠેઠ સુધી મન તો ખરું પણ મન બિલકુલ હેરાન ના કરે. તેમ ભગવાનનું મન સમયવર્તી વર્તતું હતું અને અમારું ક્ષણવર્તી ફર્યા કરે, એટલે જાડું હોય. એનું કારણ કે સંપૂર્ણ કેવળજ્ઞાન નહીં એટલે આટલું જાડું. છેવટે તો પાકું થયે જ છૂટકો છે.

અને તમારું મન છે તે પેલી માખ ગોળ ઉપર ફર્યા કરતી હોય તેમ પા કલાક, અડધો કલાક, કલાક, બે કલાક સુધી ફર્યા કરે. અને અમારું મન એક ક્ષણવાર ઊભું ના રહે. એટલે મુક્ત રહીએ. મન પણ અમને બાંધે નહીં. તમને મન બાંધે છે. રાત્રે જો સાડા દસ વાગ્યે અસીલનો વિચાર આવ્યો હોય અને એ વિચાર ખૂંચ્યો તો બાર વગાડે. જે રીતે અમે નિર્ગ્રંથ થયા તે રીતે તમને નિર્ગ્રંથ કરીએ. એટલે આ ગાંઠો આપણા મનમાં પડેલી છે ને, એ ફરી પાછી વિલય થાય એવી છે.

## ફક્ત અભિપ્રાય ફેરવવો

**પ્રશ્નકર્તા :** એક જગ્યાએ વાંચ્યું છે કે વેદ્ય અને વેદક. તેમાં વેદકનો કાળ જુદો ને વેદ્યનો કાળ જુદો. માટે 'જ્ઞાની પુરુષ' વાંછના કરતા નથી.

**દાદાશ્રી :** એ શેના જેવું છે ? આજે આપણને દૂધપાક ખાવાની ઈચ્છા થઈ, પણ તે મળ્યો નહિ. એટલે એ ઈચ્છા એમ ને એમ ઊડી ગઈ ! ભેગું ના થયું એટલે. હવે ઈચ્છા ઉત્પન્ન થાય અને ભેગું થાય તો કર્મ બંધાય.

**પ્રશ્નકર્તા :** અને ભેગું ના થાય તો ઊડી જાય ?

**દાદાશ્રી :** હા, ઊડી જાય, તો કશું નહિ.

**પ્રશ્નકર્તા :** તો એ ઈચ્છાનું કોઈ કર્મ નહીં ?

**દાદાશ્રી :** ના, કોઈ કર્મ નહીં. આપણે ફક્ત અભિપ્રાય ફેરવવો જોઈએ કે આમ ના હોવું ઘટે, તો કર્મ નહીં. કર્મ તો આ દૂધપાક ખાય, તો ભોગવે, એની ઈચ્છા પૂર્ણ થાય તો કર્મ બંધાયું કહેવાય. અને ઈચ્છા હોય તો પછી પોતે અભિપ્રાય ફેરવે તો કશું નહીં. કારણ કે ઈચ્છાના ટાઈમે તે ભેગું ના થયું. ભેગું થયું ત્યારે ઈચ્છા ના હોય. પૈણવું હતું ત્યારે પૈણવાનું ના મળ્યું અને પછી પૈણવાનું એને મળતું હતું ત્યારે પૈણવાની ઈચ્છા જતી રહી હતી. એવું બને કે ના બને ? શાસ્ત્રકારોએ આ ઝીણી શોધખોળ કરીને લખ્યું કે આ બેઉ વાત ઊડી જાય છે.

## જ્ઞાની ન કરે ઈચ્છા કદી

**પ્રશ્નકર્તા :** 'આ ઈચ્છા કરવાથી આગળ ફસામણ છે' એવું જ્ઞાનીને 'જ્ઞાનપ્રકાશ' રહેતો હશે ને ?

**દાદાશ્રી :** હા. ઈચ્છા પોતે અગ્નિ છે. કોઈ પણ જાતની ઈચ્છા થઈ એટલે આપણે કપાસમાં દિવાસળી ચાંપી. હવે એ હોલવાય નહિ ત્યાં સુધી એનું દુઃખ-ઉપાધિ રહે. એ જ્યારે હોલવાય ત્યારે એને સંતોષ થાય પાછો. એટલે ઈચ્છા એની પૂર્ણ થાય ત્યારે એને સંતોષ થાય. એ સંતોષ એટલે શું ? આ જે ઈચ્છા ઉત્પન્ન થઈ ગઈ હતી, તે લોન ઉપર જે દુઃખ લીધું હતું, તેનું પછી પેલું સુખ આવ્યું, સંતોષનું. ઈચ્છા થઈ એટલે પહેલું 'રીપે' (ચુકવણી) કરીને પછી એ પેલો લાભ મળે, એના જેવી વાત.

**પ્રશ્નકર્તા :** એટલે એ જ એમ કહે કે ઈચ્છા કરીશું તો કંઈ હમણાં ને હમણાં વ્યવસ્થિત બદલાઈને પ્રાપ્ત થવાનું નથી. માટે એ ઈચ્છા નથી કરતા ?

**દાદાશ્રી :** ના, એ ઈચ્છા કરે જ નહીં ને ! કારણ કે જેમ જલેબી ખાધા પછી ચાની ઈચ્છાઓ મોળી પડી જાય. હવે નથી પીવી બળી, રહેવા દો. મોઢું બગડી જાય છે. એવું આ સંસારના બધા રસો ઓગળે. કોઈ ઈચ્છા જ ના રહે ને !

**પ્રશ્નકર્તા :** આપે કહ્યું કે પોતાની ઈચ્છા થાય અને વસ્તુ ભેગી ના થાય તો એનું કર્મ ના બંધાય, પણ પછી અભિપ્રાય બદલી નાખવો જોઈએ ને ?

**દાદાશ્રી :** અભિપ્રાય ના બદલે તો અભિપ્રાય રહી ગયો ને, જે ઈચ્છા થઈ તેનો ! 'એમાં સુખ છે' એવું માનેલું, તે અભિપ્રાય રહી ગયો ને ! એટલે ફરી પાછી ઈચ્છા ઉત્પન્ન થશે. એ ફરી આવીને ઊભી જ રહે. ઈચ્છા ઉત્પન્ન થાય એટલે આપણે જાણીએ કે આમાં અભિપ્રાય બંધાયેલો છે. એ અભિપ્રાય છોડી દેવો જોઈએ.

## જ્ઞાનીની અભિપ્રાય રહિત દૃષ્ટિ

તે અભિપ્રાય જો તમારા ગયા તો તમારું

મન બંધ થઈ ગયું, સ્ટૉપ થઈ ગયું. મને વર્લ્ડમાં કોઈ માણસને માટે કશો અભિપ્રાય નથી. મને નાલાયક કહે, તેને માટે ખરાબ અભિપ્રાય નથી અને ફૂલો ચઢાવે તેને માટે સારો અભિપ્રાય નથી.

અમને કોઈ જાતનો અભિપ્રાય છે નહીં. અમે તત્ત્વદ્રષ્ટિથી જ તમને જોઈએ. બીજી, વિવેકની દ્રષ્ટિની અમારે કંઈ જરૂર નથી. તમે મને ગાળ ભાંડો, મારો તોય હું બીજી દ્રષ્ટિથી ના જોઉં.

## પ્રકૃતિની ગરબડને નહીં, ભાવને જોવા

**પ્રશ્નકર્તા :** હવે તમે કઈ રીતે એ અભિપ્રાય બાંધતા નથી, એ જાણવું છે. તમારી પાસે અમારા કરતા વધારે ડેવલપમેન્ટ છે છતાં તમને અભિપ્રાય કેવી રીતે નથી બંધાતા ?

**દાદાશ્રી :** મને નિર્દોષ દેખાય. નિર્દોષનો શો અભિપ્રાય ?

**પ્રશ્નકર્તા :** હવે નિર્દોષ કેવી રીતે દેખાય ? બહાર રિલેટિવમાં તો દોષિત દેખાય ને ?

**દાદાશ્રી :** નિર્દોષ, એ નિર્દોષ જ દેખાય ત્યાં અભિપ્રાય પછી રહ્યો જ નહીં ને કોઈ જાતનો. મને નિર્દોષ દેખાય બધું.

**પ્રશ્નકર્તા :** ના, પણ પ્રકૃતિ તો દોષિત હોય ને ?

**દાદાશ્રી :** આ ભાઈ આવે, હવે એમણે મને ઊંધો કાગળ હઉ લખ્યો હોય, તોય મને નિરંતર નિર્દોષ દેખાય.

**પ્રશ્નકર્તા :** એ કેવી રીતે, એ જાણવું છે.

**દાદાશ્રી :** હું જાણું કે આ એની પ્રકૃતિ બોલાવે છે બિચારાને. પ્રકૃતિમાં તન્મયાકાર છે. તે વખતે હોમ (આત્મા)ની વાત જ ધ્યાનમાં નથી. જાગૃતિ નથી તેથી આ બધું થાય છે.

**પ્રશ્નકર્તા :** એટલે તમે એને, 'એ એની પ્રકૃતિ ગરબડ કરાવે છે, શુદ્ધાત્માએ કરીને નિર્દોષ છે' એમ જોયા કરો છો ?

**દાદાશ્રી :** પ્રકૃતિની ગરબડને જોશો નહીં એટલે બસ, બહુ થઈ ગયું ! હું એમના ભાવ બધા સમજી જઉં કે આ શું ભાવમાં છે અત્યારે !

**પ્રશ્નકર્તા :** હા, એ અમે કેવી રીતે પ્રાપ્ત કરીએ ?

**દાદાશ્રી :** તમને તો હજુ વાર લાગે ને ! એ તો આ અવતારમાં તો પાંચ-છ વરસથી પાછળ પડ્યા છો મારી. હું તો અનંત અવતારથી આની પાછળ પડેલો હતો.

## પ્રાકૃત ગુણો છે પરાધીન

**પ્રશ્નકર્તા :** પણ તમારે આવે તો અમને તૈયાર મળે ને ! અમારે કરોડપતિ બાપ હોય તો અમે શું કરવા મહેનત કરીએ ?

**દાદાશ્રી :** તમને થોડા ટાઈમમાં પ્રાપ્ત થઈ જશે. એનું કારણ પહેલા ગમે એટલું ભણેલા હોય પણ આત્મામાં રહો ને ! તમારે એવી ભાવના ભાવવી કે આપણે આ જાણીને એ શક્તિ પ્રાપ્ત થવી જોઈએ. અને થાય જ, નિયમથી થાય. એ પ્રકૃતિ જોવાની નથી, પ્રકૃતિ પરાધીન છે. જે પરાધીન છે, એમાં શું જોવાનું ?

**પ્રશ્નકર્તા :** અભિપ્રાય બાંધવાનું બંધ કરીશું તેમ તેમ આ જોવાની શક્તિ ખીલશે ? અને એટલે જેમ જેમ વીતરાગતા વધે, તેમ આ શક્તિ વધે ?

**દાદાશ્રી :** હં, વીતરાગતામાં તો બધી શક્તિ વધી જાય. જગત નિર્દોષ દેખાવું જોઈએ. એ અભિપ્રાય રાખવો જોઈએ. છે નિર્દોષ, દોષિત દેખાય છે તે પોતાના પ્રાકૃત ગુણોને લઈને. પ્રાકૃત

ગુણોના દબાણથી જ પોતે અભિપ્રાય બાંધે છે, એથી દોષિત લાગે છે. અને પ્રાકૃત ગુણો પરાધીન છે.

### અભિપ્રાય નહીં, માટે મતભેદ નહીં

અમે ચાલીસ વર્ષથી ભાગીદાર જોડે ધંધો કર્યો પણ એક મતભેદ નથી પડ્યો. એક સેકન્ડેય મને મતભેદ નથી પડ્યો.

**પ્રશ્નકર્તા :** એ આશ્ચર્ય કહેવાય, નહીં તો ભાગીદાર હોય એટલે કંઈક ને કંઈક કો'ક ફેરો...

**દાદાશ્રી :** ના, એક સેકન્ડેય મતભેદ નથી પડ્યો. ક્યાં સુધી મતભેદ ? જ્યાં સુધી સામા માટે અભિપ્રાય છે ત્યાં સુધી મતભેદ છે ! કોઈ વસ્તુનો અભિપ્રાય કે સામા માણસ માટેનો અભિપ્રાય, કંઈ પણ અભિપ્રાય છે ત્યાં સુધી મતભેદ છે.

**પ્રશ્નકર્તા :** કેમ કે દરેકના અભિપ્રાય જુદા જુદા હોય ને !

**દાદાશ્રી :** હં. એટલે અમારે અભિપ્રાય નહીં એટલે મતભેદ નહીં. અમે આ ભાઈ બોલે તે અમે તો તરત સમજી જઈએ કે 'ભઈ આ વ્યૂ પોઈન્ટથી બોલે છે.' અમને અભિપ્રાય નહીં એટલે વાંધો ના આવે. એવું થવાનું છે જ્યારે ત્યારે ! એટલે અભિપ્રાય તમને છે હજી.

### બધાના અભિપ્રાય લઈ, થયા 'જ્ઞાની'

આપણે પહેલાં આપણો મત ના મૂકવો. સામાને પૂછવું કે આ બાબતમાં તમારે શું કહેવું છે ? સામો એનું પકડી રાખે તો અમે અમારું છોડી દઈએ. આપણે તો એટલું જ જોવાનું કે કયે રસ્તે સામાને દુઃખ ના થાય. આપણો અભિપ્રાય સામા ઉપર બેસાડવો નહીં. સામાનો અભિપ્રાય આપણે લેવો. અમે તો બધાનો અભિપ્રાય લઈને 'જ્ઞાની' થયા છીએ. હું મારો અભિપ્રાય કોઈ પર બેસાડવા જઉં તો હું જ કાચો પડી જાઉં. આપણા અભિપ્રાયથી કોઈને દુઃખ ના હોવું જોઈએ.

એ ખેંચે તો એમનો મત સાચો કરીને ચાલીએ, એટલે પછી મતભેદ જ પડવાનો રહ્યો જ ક્યાં તે? એ કહેશે, ના આમ, તો સારું એમ, ચાલો. જ્યાં અમારું ચાલ્યું ત્યાં સુધી ચાલ્યું, નહીં તો ના-ચલણી નાણું અમારું. એ તો હીરાબા પાસે ના-ચલણી જ હતા ને !

### ગેસ્ટ તરીકે જીવ્યે ખરો ટેસ્ટ

અમારું ચલણેય નથી ને ઘરમાં એવું ચોખ્ખું જ કહી દીધેલું. એટલે પછી કોઈ ચાય માંગે નહીં ને ! અને હીરાબાને ચા પાવી હોય તો પાય ને જમાડવા હોય તો જમાડે, એમાં અમારે શું ? લેવાય નહીં ને દેવાય નહીં. અને હીરાબાને કહું છું ને, 'અમે તમારા ગેસ્ટ, અનઈન્વાઈટેડ ગેસ્ટ' (વણનોતરેલા મહેમાન)! ઘર અમારું હોય તો મહેમાનોને મારે સાચવવા પડે ને ! એટલે 'પછી આપણે જરા શીરો બનાવજો, ફલાણું બનાવજો' કહેવું પડે. અને આ ચલણ જ નથી રહ્યું એટલે પછી તે શીરો ખવડાવે કે લાડુ ખવડાવે કે રોટલા ખવડાવે, આપણે એમાં ભાંજગડ જ નહીં ને ! અમને ખરા દિલથીય આ નહીં. દિલથી તો કેટલાય કાળથી વોસરાવી દીધેલું. આ ડખો જોઈએ જ નહીં ! આખું રાજ આપે તોય અમને કામનું નથી, એવું કેટલાય વખતથી બેસી ગયેલું. અમારે આ મહીંલી બધી સાહેબી ! કેવી સરસ સાહેબી!

**પ્રશ્નકર્તા :** પણ આ ખરું, એક વખત એવું જો સમજાઈ જાય કે ચલણ ના રાખવું, તો બહુ છુટકારો થઈ જાય.

**દાદાશ્રી :** છુટકારો તો જ થાય, નહીં તો છુટકારો થાય નહીં. આ જ્ઞાની પુરુષના એક-એક અભિપ્રાય જો લેવામાં આવે તો છૂટકો જ છે.

અહીં સંસારમાં રહ્યા મુક્ત જ છે એવા એમના અભિપ્રાય હોય એક-એક! જેમ કે ના-ચલણી નાણું !

## જે સમજે તે જ ફરે

આપણે બધાએ શીખવાનું શું છે કે મતભેદ ના પડે એવું વર્તન રાખવું. મતભેદ પડ્યો એ તમારી જ ભૂલ છે, તમારી જ નબળાઈ છે. સામાને આપણાથી સમાધાન થવું જ જોઈએ. સામાના સમાધાનની જવાબદારી આપણા માથે છે.

તમારાથી સામાનું સમાધાન ના થાય તો તમે શું સમજો ? સામાને સમજણ ઓછી છે, એવું જ સમજો ને ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** તમારે ભાંજગડ પડે, તે વખતે આપણે ફેરવીને પણ 'એને ભાંજગડ ના પડે' એવી રીતે કામ લેવું જોઈએ. જો તમે સમજણવાળા છો તો તમે ફરો ને સમાધાન કરાવો. જો તમે ફરો નહીં તો તમે સમજણવાળા નથી. બાકી સામો તો ફરશે નહીં. એટલે હું કોઈને ફેરવતો નથી. હું જ એને કહું, કે 'ભઈ, હું જ ફરીશ બા.' આપણે રાગે રાખવું.

અગિયાર વાગે મને તમે કહો, કે 'તમારે જમી લેવું પડશે.' હું કહું કે થોડીવાર પછી જમું તો ના ચાલે ? ત્યારે તમે કહો, 'ના, જમી લો, પાર આવી જાય.' તો હું તરત જ જમવા બેસી જઉં. હું તમને 'એડજસ્ટ' થઈ જઉં.

## 'જ્ઞાની' રહે 'પોટલાની પેઠ'

એવું છે ને, હું તો બધાને આધીન રહું છું, એનું શું કારણ ? મારે પોતાપણું નથી. એટલે હું તો બિલકુલ સંજોગોના આધીન રહું છું. હું તો તમારે આધીન પણ રહું છું, તો વળી સંજોગોના આધીન તો રહું જ ને ! આધીનતા એટલે સંપૂર્ણ નિર્અહંકારતા ! આધીનતા તો બહુ સારી વસ્તુ છે. અમારી જોડે જે છે એ કહે એવું અમારે કરવાનું. અમારો કોઈ અભિપ્રાય નહીં. અમને એમ લાગે કે હજુ એમની વાતમાં કચાશ છે ત્યારે અમે એમને કહીએ, કે 'ભાઈ, આમ કરો.' પછી અમે આધીન જ રહેવાના નિરંતર.

એટલે અમને તો ત્યાં મુંબઈ કે વડોદરા કેટલાંક પૂછે, કે 'દાદા, તમે વહેલા આવ્યા હોત તો સારું.' આમતેમ બોલે. ત્યારે મેં કહ્યું, 'પોટલાની પેઠ મને તેડી લાવે છે ત્યારે અહીં આવું છું ને પોટલાની પેઠ લઈ જાય છે ત્યારે જાઉં છું.' ત્યાર પછી એ સમજી જાય. તો કહે, 'આ પોટલાની પેઠ કહો છો ?' 'અરે, આ પોટલું જ છે ને ! ત્યારે બીજું શું છે તે ? મહીં ભગવાન છે આખા, પણ બહાર તો પોટલું જ છે ને!' એટલે પોતાપણું રહ્યું નહીં ને !

મને જ્યાં ઊંચકીને લઈ જાય ત્યાં જઈએ અમે. ઘણી ચીજો અમારે ના ખાવી હોય તોયે ખાઈએ છીએ, ના પીવી હોય તોયે પીએ છીએ. ના જોઈતું હોય તેય બધું કરવામાં આવે છે અમારે. અને એમાં ચાલે નહીં. ફરજિયાત છે ને ! સામાના 'એન્કરેજમેન્ટ' (પ્રોત્સાહન) માટે અમે તમારી ચા પીએ. એ ચા બહુ કડક હોય, પ્રકૃતિને ના ફાવે એવી હોય, તોય તમને આનંદ થાય ને, કે 'દાદા'એ મારી ચા પીધી. તે એટલા માટે અમે એ પી જઈએ.

આ આટલા દહાડાની મુસાફરી કરી, તેમાંય બધાના કહેવા પ્રમાણે જ રહેવાનું. એ કહે કે 'અહીં રહેવાનું.' ત્યારે હું કહું કે 'હા, રહેવાનું.' એ કહે કે 'અહીંથી ઊઠો હવે', તો એવું. અમારે 'અમારાપણું' ના હોય, 'અમારાપણા'નું ઉન્મૂલન થઈ ગયું. આ તો બહુ દહાડા 'અમારાપણા' કર્યા.

અમારે તો પહેલેથી મમતા બહુ જૂજ હતી, એટલે ભાંજગડ જ નહીં કશી.

'પોતાનો' સહેજ પણ અભિપ્રાય પેઠો એટલે સમાધિ તૂટે. 'પોતાપણું' જ ખોઈ નાખવાનું છે. 'આમ તો કરવું જ જોઈએ, આમ તો ના જ કરવું જોઈએ' એ અભિપ્રાય રાખે તો સમાધિ તૂટે ! જ્યાં આગળ કંઈ પણ 'પોતાપણું' છે, તે બધો ડખો છે !

## પરસત્તા જાણી ન બાંધે અભિપ્રાય

અમારા ચોપડામાં એક ફેરો 'એ.એમ. પટેલ'ના નામ પર પંદરેક હજાર રૂપિયાની રકમ હશે. તે કોઈ એક મકાન વડોદરામાં વેચી દીધેલું અને એ રકમ મકાનમાં નહીં લખેલી ને એમ ને એમ અંબાલાલ મૂળજીભાઈ ખાતે જમે કરેલી. તે પેલા ઈન્કમટેક્ષવાળાએ પકડી કે આ રકમમાં ઈન્કમટેક્ષ ભરો. અમને આ માન્ય નથી. પછી આપણે પુરાવા આપીએ કે 'ભઈ, આ મકાન વેચ્યું છે.' ત્યારે એ કહે કે 'એ અમને માન્ય નથી. તમારે આમાં કોઈ જાતની વિગત નથી.' તે પછી એણે ચાર હજાર રૂપિયા ઠોક્યા. તે ઈન્કમટેક્ષ એક્સપર્ટે શું કહ્યું, કે 'સાહેબ, આ કોણ છે અંબાલાલ મૂળજીભાઈ, એની ખબર છે ? એમની આરતીમાં હું દર્શન કરવા જાઉં છું, ત્યાં તમે વિચાર તો કરો !' ત્યારે સાહેબે કહ્યું, 'ના, તે હું ત્યાં તમારી જોડે દર્શન કરવા આવીશ.' મેં ઈન્કમટેક્ષ એક્સપર્ટને ના કહેલું, કે જવા દો ને, આવા પ્રયત્નો કરવાની જરૂર નથી. આ હિસાબ છે. આમાં બિચારાનો ગુનો નથી. એનું શું ગજું બિચારાનું ? એને જો એની નોકરી બદલવી હોય તો બદલે નહિ, તે બૂમાબૂમ કરે કે મારે બદલી કરાવવી છે. પણ ઠેકાણું નહિ. બૈરી ત્યાં ને હું અહીં ! હાથમાં બધી સત્તા હોય તોય ! આ તો સત્તા વગરનો પ્રદેશ છે. ત્યાં વગર કામના આરોપ આપીએ, અભિપ્રાય બાંધીએ કે આ સાહેબ એટલો બધો ખરાબ છે, યુઝલેસ ફેલો (નકામો માણસ) છે. લે ! એવું બોલાય ખરું ? એ ઈન્કમટેક્ષ એક્સપર્ટને મેં કહ્યું કે 'આ શું કરવા માથાકૂટ કરો છો ?' ત્યારે એ કહે કે 'ના, એ તો કહેવું જોઈએ કે આ દર્શન કરવા જેવા પુરુષ છે. ત્યારે સાહેબે ઊલટું કહ્યું કે 'હું દર્શન કરવા આવીશ, પણ મારે આ તો કરવું જ પડે. મારી ફરજ પૂરી કરવી પડે.' એટલે અમે તો તરત માની લઈએ. મેં તો કહેલું કે આ કંઈ પાછલું ભરવામાં ભૂલ થયેલી લાગે છે, ઓછી રકમ ભરાઈ છે, તેનો આ દંડ આવ્યો ! ભૂલનું જ પરિણામ છે બધું. કોઈ નવું કશું કરી શકે એમ છે નહિ. એ જાતે, મારી જાતથી દરેક બાબતમાં અનુભવ લીધેલા છે.

## અભિપ્રાયનો અભાવ ત્યાં આનંદ

પોતાનું કશું ના રહેવું જોઈએ. પોતાની કોઈ ચીજ રહેવી ના જોઈએ. પોતાનો અભિપ્રાય એનું નામ જ જગત.

**પ્રશ્નકર્તા :** પોતાનો અભિપ્રાય ના રહેવો જોઈએ ?

**દાદાશ્રી :** એ જ જગત. એથી જ આ જગતમાં ધક્કા ખાવા પડે. આ મારે પોતાને પોતાપણું જ નહીં. ત્યાં પછી અભિપ્રાય મારે ક્યાંથી રહ્યો ? સમજાય એવી વાત છે કે અઘરી છે ? કેવો મેળ ને આનંદ છે તે ? સહેજે કોઈ દહાડો ફેરફાર જોયો ? કેવું લાગે છે તમને ? એક વાળ પૂરતુંય ફેરફાર જોયો ?

**પ્રશ્નકર્તા :** નહીં.

**દાદાશ્રી :** નહીં જોયો, નહીં ! પછી કહેવાની જરૂર ખરી ?

## કષાય હોય ત્યાં અભિપ્રાય

વીતરાગને અભિપ્રાય ના હોય. વીતરાગ

બોલે ખરા, 'આ ભાઈનો સ્વભાવ બરોબર નથી, આ ભાઈનો સ્વભાવ સારો છે.' બોલે ખરાં, પણ અભિપ્રાય ના હોય. વ્યવહારમાં બોલવું પડે ને ?

**પ્રશ્નકર્તા :** એટલે કષાયથી અભિપ્રાય આપે છે ?

**દાદાશ્રી :** કષાય હોય તો જ અભિપ્રાય હોય. મીઠો કષાય હોય તો મીઠો અભિપ્રાય હોય.

**પ્રશ્નકર્તા :** એટલે વીતરાગ રહીને પણ પેલી અભિપ્રાય જેવી વાત બોલી શકે ખરાં ? એટલે લાગે અભિપ્રાય જેવી વાતો કે 'આ સારો છે, આ બરોબર નથી,' છતાં વીતરાગ રહી શકાય.

**દાદાશ્રી :** છતાં અભિપ્રાય ના હોય. અભિપ્રાય કષાયીને હોય. એને પ્રિજ્યુડીસ કહે છે. ગઈ કાલે કોઈ ચોરી ગયો ને એ માણસ આજે આવે ત્યારે એના મનમાં એમ થાય કે ગજવું સાચવજો. 'એ ચોર છે' એવું માને. ત્યારે ભગવાન પૂછે છે કે 'ભઈ, ગઈ કાલે એનો ઉદય એવો હતો, આજે ઉદય જુદી જાતનો હોય.'

**પ્રશ્નકર્તા :** એટલે વીતરાગની દૃષ્ટિ જ એવી હોય કે જેથી અભિપ્રાય ન પડે.

**દાદાશ્રી :** અભિપ્રાય તો હોય જ નહિ ને ! અભિપ્રાય કષાય આપે. જગત આખું કષાયવાળું એટલે અભિપ્રાય આપી દે, 'આ ખરાબ છે અને આ સારો છે' એમ.

**પ્રશ્નકર્તા :** જ્યારે દૃષ્ટિમાં ભેદ જ ન રહે કે 'આ સારું અને આ ખોટું.' ત્યારે એ અભિપ્રાય રહિત થયો કહેવાય ને ? ત્યારે વીતરાગ થયો કહેવાય ને ?

**દાદાશ્રી :** રાગ-દ્વેષ ના થાય ત્યારે વીતરાગ થઈ જાય.

**પ્રશ્નકર્તા :** સારું-ખોટું હોય છતાંય રાગ-દ્વેષ ના હોય એવું બને ?

**દાદાશ્રી :** એ સારાને સારું કહે, ખોટાને ખોટું કહે. ચોર ચોરી કરે, 'એ ખરાબ છે', એમ કહે.

**પ્રશ્નકર્તા :** પણ એની નિશ્ચયની દૃષ્ટિમાં ચોરી કરે છે એ ખરાબ નથી તે ?

**દાદાશ્રી :** નિશ્ચયની દૃષ્ટિમાં બોલે નહિ, વ્યવહારની દૃષ્ટિથી બોલે. ડ્રામેટિક (નાટકીય) બોલે. 'જો તું ચોરી કરે છે એ ખરાબ છે, એનું ફળ તને કડવું આવશે. આ દાન આપે છે, એનું ફળ સારું આવશે.' એવું એ કહે. પણ અભિપ્રાય ના હોય કે આ ચોર છે.

## જ્ઞાની રહે સુપરફ્લુઅસ

**પ્રશ્નકર્તા :** 'આ બહુ નોબલ (ભલો) માણસ છે' એમ આપે કહ્યું, તો એ અભિપ્રાય બાંધ્યો ના કહેવાય ?

**દાદાશ્રી :** ના, એવું નહિ. આ જાણવા માટે જ કહું છું. એમાં અભિપ્રાય ના હોય અમને. અભિપ્રાય હોય તો પછી અમને એના તરફ રાગ થાય. તે અભિપ્રાય નહિ. આમ જાણવા માટે કહેવું પડે કે 'આ માણસ નોબલ છે.'

અમને અભિપ્રાય ના હોય. આ બધું બોલીએ ખરા તમને બધાને, નહીં ? કાલે બધાને ઉતારી પાડતો હતો ને, કે 'આમને કશું બોલતા ના ફાવ્યું. આ લોકોને સમજાવતા નથી આવડતું.' બધાને ભેગું કહેતો હતો, પણ તે એ અભિપ્રાય એવો ના હોય અમારો. અમે બોલીએ બધુંય. જેમ છે એમ બોલીએ ખરા પણ અભિપ્રાય ના હોય. અભિપ્રાય થાય એટલે પછી મારું બગડ્યું પાછું, મારા કપડાં બગડ્યા. હું મારા કપડાં શું કરવા બગાડવા દઉં ?

તમને બીજાના દોષ દેખાય એના કરતા અમને દોષ વધારે દેખાય. શાથી ?

**પ્રશ્નકર્તા :** જાગૃતિ વધારે ને !

**દાદાશ્રી :** બધા, નાના દોષો બધાય દેખાય તમારા, પણ તે હું છેટો રહું ને !

**પ્રશ્નકર્તા :** કઈ રીતે છેટા રહો, દાદા ?

**દાદાશ્રી :** અભિપ્રાય ના બાંધું એટલે છેટો જ રહું ને ! એક બાજુ દોષ દેખાય ખરો અને કોનો દોષ છે, એય સમજાય. એટલે તમારો દોષ ના માનું, ચંદુભાઈ*નો દોષ છે એવું માનું. એટલી બધી જાગૃતિ હોય તે ઘડીએ. દોષ તો મને ક્ષણે ક્ષણે દેખાય તમારા, બધાના દેખાય, પણ એ મારે શું લેવાદેવા ? તમારા દોષનો તમારે નિકાલ કરવાનો, મારે શું કરવાનું ?

'અમે' ખાલી ચેતવી જાણીએ. પછી તમારે વાંકું કાઢવું હોય તો તેને પહોંચી જ ના વળાય ને ! એ તો ભગવાન મહાવીરના વખતમાં જ તેમનો શિષ્ય ગોશાળો ફરી ગયો હતો. ગોશાળો ભગવાનની સામે વ્યાખ્યાન આપતા કહે છે, 'હુંય મહાવીર જ છું.' આમાં ભગવાન મહાવીર શું કરે ? તે દહાડે આવા પાકતા હતા, તે આજે મહીં બે જણ એવા પાકે તો તેને આપણાથી કંઈ ના કહેવાય ? અને એવા હોય ત્યારે સારું ને !

હું 'સુપરફ્લુઅસ' (ઉપલક) રહું છું. અહીં કેટલા બધા મહાત્માઓ છે, તે બધાયની હકીકત હું જાણું છું, પણ હું ક્યાં મહીં ડખો કરું ? અમે અમથા વઢીએ ખરા, 'તું અક્કલ વગરનો છે, મૂરખ છે' એ બધું કહીએ પણ તે સુપરફ્લુઅસ બધું. વખતે મારીએ તોય સુપરફ્લુઅસ.

**પ્રશ્નકર્તા :** આ સુપરફ્લુઅસની અસર પેલાને થાય ને પણ ?

**દાદાશ્રી :** ના, કશું નહીં.

## 'જ્ઞાની પુરુષ'ના દિવ્યકર્મ

શાસ્ત્રકારોએ જ્ઞાનીના પ્રત્યેક કર્મને દિવ્યકર્મ કહ્યા છે. કારણ કે પોતે સંપૂર્ણ નિર્‌અહંકારી, સંપૂર્ણ અકર્તા પદમાં બેઠેલા હોય છે. એટલે વીતરાગ કહેવાય. આ કાળમાં સંપૂર્ણ વીતરાગ ના હોય. અમે વીતરાગ છીએ પણ સંપૂર્ણ નથી. અમે જગતના તમામ જીવો જોડે વીતરાગ છીએ. ફક્ત અમારા જગત કલ્યાણ કરવાના કર્મ જોડે અમારે રાગ રહે છે. જગત કલ્યાણ કરવાની ખટપટ માટેનો અમને થોડો રાગ રહી ગયો છે. એ રાગ પણ કર્મો ખપાવવા પૂરતો જ છે. બાકી 'અમને' તો અમારો મોક્ષ નિરંતર વર્ત્યા જ કરે છે.

## જ્ઞાનીને કાયમ સમતા

અમારે જો અભિપ્રાય બંધાયેલો હોય ને કે આ ભાઈ આવા છે, એટલે એ ભાઈ અહીં આવે ત્યારે અમારું મન એ ફેરફારવાળું દેખે. અમારામાં એને સમતા ના દેખાય, તે મને જોતાં જ એ સમજી જાય કે દાદાનામાં કંઈ ફેર લાગે છે ! એટલે અભિપ્રાયની આવી બધી અસરો થાય. અને અભિપ્રાય છોડી દીધો કે કશું નહીં. અમારે કોઈની ઉપર અભિપ્રાય નહીં, એટલે અમને નિરંતર સમતા રહે.

અમારી જોડે બધાનું જુદી જુદી જાતનું વર્તન હોય પણ અમારે અભિપ્રાય ના હોય. અમે જાણીએ કે આ તો આવું જ હોય. કળિયુગમાં સાસુ આવી જ હોય, એવું વહુ જાણતી હોય ને કે ના જાણતી હોય ? કળિયુગ છે એટલે આવું જ હોય. એટલે એમાં શું અભિપ્રાય બાંધવાનો ?

## પ્રતીતિમાં સંપૂર્ણ નિર્દોષ દ્રષ્ટિ

**પ્રશ્નકર્તા :** આપને નિશ્ચયથી તો કોઈ માણસ દોષિત લાગતો નથી ને !

**દાદાશ્રી :** દોષિત લાગે નહીં. કારણ કે

*ચંદુલાલની જગ્યાએ વાચકે પોતાનું નામ સમજવું.

ખરેખર એવું હોતું જ નથી. આ જે દોષિત લાગે છે ને, તે દોષિત દૃષ્ટિથી દોષિત લાગે છે ! જો તમારી દૃષ્ટિ નિર્દોષ થાય તો દોષિત લાગે જ નહીં કોઈ !

હવે આ જે કહેવું પડે છે ને કે 'આ વ્યાજબી નથી,' એવું કહ્યું ત્યાં સ્યાદ્વાદ ચૂક્યો. છતાં વ્યાજબી પર ચઢાવવા માટે આમ બોલવું પડે છે. પણ ભગવાન તો શું કહે છે કે આય વ્યાજબી છે, પેલુંયે વ્યાજબી છે. ચોરે ચોરી કરી તેય વ્યાજબી છે, આનું ગજવું કપાયું તેય વ્યાજબી છે. ભગવાન તો વીતરાગ, ડખોડખલ કરે નહીં ને ! ઘાલમેલ કરે નહીં ને ! અને અમારે તો ખટપટ બધી. અમારે ભાગે આ ખટપટ આવી.

**પ્રશ્નકર્તા :** પણ એય અમારા રોગ કાઢવા માટે ને ?

**દાદાશ્રી :** હા, તે લોકોને તૈયાર કરવા માટે. આમાં હેતુ સારો છે ને અમારો હેતુ અમારી જાત માટે નથી, બધાને માટે છે. અને જોડે જોડે અમારી પ્રતીતિમાં છે કે દોષિત નથી. પ્રતીતિમાં નિર્દોષ છે. એ પ્રતીતિ આખીયે બદલાઈ ગયેલી છે. એટલે 'નિર્દોષ છે' એમ માનીને હું બોલું છું આ. પણ આવું ના બોલાય. શબ્દેય બોલાય નહીં. એવો વાંકો શબ્દેય કેમ બોલ્યા ? આવો ભારે શબ્દ કેમ બોલ્યા ? માટે પ્રતિક્રમણ કરવું પડે.

## પૂર્વેના અભિપ્રાયને પ્રતિક્રમણથી અસહમત

**પ્રશ્નકર્તા :** તમે તો છૂટા ને છૂટા જ રહો છો, બોલો ત્યારે પણ. તો પછી શા માટે પ્રતિક્રમણ ?

**દાદાશ્રી :** છૂટા છે, એટલે પ્રતિક્રમણ 'મારે' નહીં બોલવાનું. આ અંદરના અંદર, જે કરે ને, જે બોલે ને, તેને જ કહેવાનું, 'તમે પ્રતિક્રમણ કરી લો.' અને તમારેય એવું જ છે. આ પ્રતિક્રમણ તે 'તમારે' નહીં કરવાનું, 'ચંદુભાઈ'ને કહી દેવાનું. 'તમારે' પ્રતિક્રમણ કરવાનું હોય નહીં. જેણે અતિક્રમણ કર્યું ને, તેણે જ પ્રતિક્રમણ કરવાનું.

**પ્રશ્નકર્તા :** તે ભૂલનું પ્રતિક્રમણ કેવી રીતે કરો ?

**દાદાશ્રી :** પછી પ્રતિક્રમણ કરવું પડે. ભૂલ, જ્ઞાન સંબંધી ના હોય. કોઈ સ્યાદ્વાદના વિરોધમાં જતો હોય, એ માણસ પર કડકાઈ થઈ ગઈ હોય. સ્યાદ્વાદ હોય ત્યારે કડકાઈ ના થાય, બિલકુલ સંપૂર્ણ સ્યાદ્વાદ ! આ તો સ્યાદ્વાદ કહેવાય, પણ સંપૂર્ણ સ્યાદ્વાદ કહેવાય નહીં ને ! એટલે કેવળજ્ઞાન થાય ત્યારે સંપૂર્ણ સ્યાદ્વાદ !

અમારું જ્ઞાન અવિરોધાભાસ હોય અને વાણી (સંપૂર્ણ) સ્યાદ્વાદ ના હોય. કોઈ ઝપટમાં આવી જાય એમાં. અને તીર્થંકરોની વાણીમાં કોઈ ઝપટમાં ના આવે. એ તો સંપૂર્ણ સ્યાદ્વાદ ! ઝપટમાં લીધા સિવાય બોલે એ. વાત તો એ એવી જ બોલે, પણ ઝપટમાં લીધા સિવાય.

અમારે પ્રતિક્રમણ કરવું પડે. અમારે મોઢે આવું નીકળ્યા કરે છે. જુઓ ને, આપણું એટલું ફરજિયાત છે. કોઈ ફેરો આચાર્યનું બોલાતું હશે ! બાકી કોઈનુંય ના બોલાય. આ દુનિયામાં બધાય નિર્દોષ છે, એવું જાણીએ છીએ. પણ કોઈનું બોલાય ?

**પ્રશ્નકર્તા :** ના બોલાય.

**દાદાશ્રી :** એ જ વાણી નીકળે છે ને, એની પાછળ તરત જ પાછું આના પ્રતિક્રમણ અમારા ચાલ્યા કરે. એય જુઓ ને, કેવી દુનિયા છે !

વાણી બોલે એની ઉપરેય અભિપ્રાય જુદો. 'કેવું આ જગત છે' એ વાણી બોલે છે, તેની ઉપર અભિપ્રાય કેવો છે કે 'આવું નથી આ. આ ખોટું

છે, આવું ન્હોય.' પણ આ દુનિયા કેવી ચાલે છે, એ એની સાથે જાગૃતિ કરીને ચાલે.

બોલીએ ને સાથે ને સાથે એ જાગૃતિ હોય કે આવું ન હોવું જોઈએ. કારણ કે અમે આખું જગત નિર્દોષ જોયું છે. ફક્ત અનુભવમાં નથી આવ્યું. તે અનુભવમાં કેમ નથી આવ્યું ? તો આ છે તે આ વાણી છે, એ ડખલ કરે છે.

**પ્રશ્નકર્તા :** ડખલ કરે છે છતાંય આપની તો સતત જાગૃતિ છે.

**દાદાશ્રી :** નહીં, જાગૃતિ છે પણ આ આવી વાણી બંધ ના થાય, ત્યાં સુધી પૂર્ણપદ તો મળે નહીં ને ! આ વાણી કેવી નીકળે છે ? આ જોશબંધ !

હવે આ વાણી ક્યારે ભરેલી ? જ્યારે જગત નિર્દોષ જોયું નહોતું તે વખતે ભરેલી કે આ આ દોષિત આવા. આવું કેમ કરે છે ? આવું કેમ કરે છે, આ આવું ના હોવું જોઈએ, એ ભરેલું તે આજે નીકળે છે. ત્યારના અભિપ્રાય આજ નીકળે છે. અને આજે તે અભિપ્રાયથી અમે સહમત નથી.

## ન સંઘરે કદી બદલતા સર્ટિફિકેટ

હવે તો દ્રષ્ટિ બદલાઈ ગઈ ને ! દ્રષ્ટિ હંમેશાં બદલાયા કરે. દ્રષ્ટિ બદલાય, અભિપ્રાયો બદલાયા કરે અને સમ્યક્ દ્રષ્ટિમાં આવ્યા પછી એક જ લાઈન ઉપર આવે, મેઈન લાઈન ઉપર. મિથ્યા દ્રષ્ટિ બદલાયા જ કરે, નિરંતર બદલાયા કરે. અભિપ્રાયો બદલાયા કરે, ચાલ્યા જ કરે. આજે બાપ છોકરાને કહે, 'તારા જેવો છોકરો કોઈને મળ્યો નહીં હોય.' અને દોઢ કલાક પછી એના હાથે બે-ચાર કપ-રકાબી પડી ગયા, એટલે તું 'નાલાયકમાં નાલાયક છે' એવું કહે. એટલે આપણે બાપાને કહીએ, 'નમસ્કાર તમને. તમારા અભિપ્રાયનેય નમસ્કાર છે, તમારા સર્ટિફિકેટનેય નમસ્કાર છે.' એના કરતાં કોલેજનું સર્ટિફિકેટ સારું ને પચ્ચાસ-સાંઈઠ વર્ષ સુધી, સો વર્ષ સુધી કશી ભાંજગડ નહીં. કોલેજના સર્ટિફિકેટ બદલાય નહીં ને ! અને આમને તો દોઢ-દોઢ કલાકે સર્ટિફિકેટ બદલાય. એટલે લોકો મને સર્ટિફિકેટ આપે, તે હું મેટ્રિક ફેઈલ થયેલો તેની લોકો ટીકા કરે. એટલે હું એમના સર્ટિફિકેટનું ધ્યાન ના રાખું. આમાં શું સર્ટિફિકેટ લેવાના ? ઘડીકમાં સારું કહે, ઘડીમાં ખરાબ કહે. એટલે પછી સારું કહે તેના ઉપરેય હું ધ્યાન ના રાખું. આમના સર્ટિફિકેટનું જ્યાં ઠેકાણું જ નથી, ત્યાં એને શું કરવાનું ?

**પ્રશ્નકર્તા :** જે 'આપને સારું કહે' એના સર્ટિફિકેટ ઉપર આપ કયા જ્ઞાનપ્રકાશે ધ્યાન નથી રાખતા ?

**દાદાશ્રી :** ઘડી પછી એ પાછા અવળું બોલવાના જ છે, એના કરતાં આપણે આ વસ્તુ જ ખોટી છે. એના કરતાં કોલેજના સર્ટિફિકેટ હોય તે સારું. આમના સર્ટિફિકેટ પર ધ્યાન ના રખાય. એટલે એ સર્ટિફિકેટને મેં ઉડાડી દીધેલું. જ્યારે કંઈક અનુકૂળ આવ્યું, ત્યારે સારું અને આપણે કહીએ, 'મારું ઘડિયાળ ખોવાઈ ગયું' એટલે ખરાબ ! અલ્યા, આ પહેલાંની બધી સિલક કંઈ જતી રહી મારી ? નરી સિલક ગઈ. 'બહુ સારો છે, આ બહુ ડાહ્યો છે, અક્કલવાળો છે.' પહેલાં એ હતું અને પછી સિલક ખોવાઈ ગઈ ! તે સિલકમાંથી બાદ કરીને બોલ ને ! ના, પણ ગજું નહિ ને ! એ તો ઝૂડવા જ માંડે ! તે બળ્યા તમારા અભિપ્રાય ! એના કરતાં કૉલેજનો અભિપ્રાય શું ખોટો છે ! તમને B.A. L.L.B.નો અભિપ્રાય મળ્યો, તે કેવું સર્ટિફિકેટ નભ્યું ! અને આ અભિપ્રાય નભે જ નહીં ને ! જો અભિપ્રાય ચાલ્યો ને ઠેઠ સુધી !

**પ્રશ્નકર્તા :** એ સર્ટિફિકેટના કાગળિયાની સહી ઊડી ગઈ છે, દાદા.

**દાદાશ્રી :** ભલે ઊડી ગઈ, પણ તોય અત્યારે લોક એ અભિપ્રાયને એક્સેપ્ટ (સ્વીકાર) કરે. પણ આ લોકો અભિપ્રાય આપે ને, કે ચંદુભાઈ બહુ સારા છે, બહુ સારા, પણ બે કે ત્રણ કલાક પછી નવી જ જાતનું બોલે ! તમને બોલેલા કોઈ એવું ?

**પ્રશ્નકર્તા :** બહુ, બહુ. આ વ્યવહારિક સંબંધોમાં આવું જ થાય છે.

**દાદાશ્રી :** પણ હું તો રકમો બાદ કરીને બોલું છું. મને જ્યારે જ્ઞાન નહોતું થયું ત્યારે હું રકમો બાદ કરીને બોલતો હતો. વ્યવહારિક સ્ટોક (જથ્થો) જે મારી પાસે હોય તેમાંથી બાદ કરીને બોલતો હતો. એક વાર અભિપ્રાય આપ્યા પછી તેને ઉડાડી કેમ મૂકાય ? ત્યારે લોકો તો મને ક્યાંય ઉડાડી દે ! એટલે પછી મેં આ લોકોના અભિપ્રાય જ કાઢી નાંખેલા.

**પ્રશ્નકર્તા :** પછી તમે શું કરો, દાદા ? એના અભિપ્રાયને જમે ના કરો ?

**દાદાશ્રી :** બિલકુલ જમે જ કરવાનો નહિ ને ! કોઈ ઠેકાણું નહિ, કોઈ જાતની એક્ઝેક્ટનેસ નહિ, તેના અભિપ્રાય શું જમે કરવાના ? ઘડીમાં કહે છે, 'બહોત અચ્છા' અને ઘડીમાં કહેશે, 'નાલાયક છે !' એના કરતાં એ અભિપ્રાય જ ના લઈએ તો શું વાંધો છે ? આપણે ક્યાં એમના અભિપ્રાય પર જીવવાનું છે ? તોય એ અભિપ્રાય તો આપ્યા કરવાના, પણ આપણે જમે નહીં કરવાનું. બહુ ખુશ થઈ જાય તોય આપણે જમે નહિ કરવાનું, આપણે સમજીએ કે આ ઘડી પછી ધક્કો મારવાના છે !

**પ્રશ્નકર્તા :** અમારી વકીલની ભાષામાં અમે 'નોટેડ' કહીએ. એટલે જમા ના કરીએ. નોટેડ એટલે 'યસ-નો' નહિ, જમાય નહીં ને ઉધારેય નહીં.

**દાદાશ્રી :** એ બરોબર છે. વગર કામનું લે-લે કરવાનું ને સંઘર-સંઘર કરવાનું ! એ કઈ દુકાનમાં મૂકીએ ? કબાટો કેટલા આપણી પાસે ?

**પ્રશ્નકર્તા :** માનપત્રો આપે છે, તેનેય લોક સંઘરી રાખે છે.

**દાદાશ્રી :** માનપત્રો લેનારાંય લે છે જ ને લોકો આપે છેય ખરાં. પેલા મનમાં શુંય ખુશ થઈ ગયા છે ! શું આપવાનું, કશું ઠેકાણું જ નહિ આમનું.

**પ્રશ્નકર્તા :** એટલે અભિપ્રાયમાં કંઈ ઠેકાણું જ નહીં.

**દાદાશ્રી :** ના, ના, કંઈ ઠેકાણું જ નહીં. કારણ કે લોકોના હાથમાં સત્તા જ નથી ને ! સત્તા માની બેઠાં છે એટલું જ. આ તો ઉદય કર્મ કરાવે છે બધું. કોઈના હાથમાં સત્તા જ નહીં ને ! સત્તા વગર ચાલી રહ્યું છે આ. બોલે, 'તારામાં અક્કલ નથી.' એ અભિપ્રાય આપ્યો. અને 'તારા જેવો કોઈ માણસ નથી' એય અભિપ્રાય આપ્યો. અલ્યા, શું કરવા અભિપ્રાય વગર કામનો આપ આપ કરે છે ! તારા સર્ટિફિકેટ કોઈ બાપોય પૂછનાર નથી. આ તો છોકરોય સામો થાય. સારું ત્યાં સુધી સારું કહે અને ખરાબ કહીએ ત્યારે છોકરો મનમાં એ વાળે કે 'વગર કામના માથું બગાડે છે, મગજ બગાડે છે.' અને મનમાં એ સમજે કે 'બરકત નથી તેથી આવું બોલે છે.'

## અભિપ્રાય એક જ જાતનો રાખવો

એક ભણેલો બાપ એના છોકરાને કેટલા અભિપ્રાય આપતો હશે ? અભણ ઓછા આપે, પણ ભણેલા બુદ્ધિશાળી લોકો એના છોકરાને કેટલા અભિપ્રાય આપતા હશે ?

**પ્રશ્નકર્તા :** ઘણા અભિપ્રાય આપે.

**દાદાશ્રી :** છોકરો ઘડિયાળ ભૂલી ગયો અને

આવ્યો. એને પૂછીએ, 'ઘડિયાળ ક્યાં ગયું ?' ત્યારે કહે, 'ભૂલી ગયો.' એટલે શું કહે એ ? 'મૂળથી ડફોળ જ છું, કહે. તારામાં બરકત જ નથી.' એવું કહે. હવે ત્રણ કલાક પછી એક કામ બહુ સરસ કરી આવ્યો. ત્યારે પાછો કહે, 'બહુ ડાહ્યો માણસ, બહુ ડાહ્યો.' અલ્યા મૂઆ, ડફોળ શું કરવા કહ્યો'તો ને પાછો ડાહ્યો શું કરવા કહું છું ? આને પ્લસ-માઈનસ તો કરી જો. આને ઊડાવી જો. એક જાતનો અભિપ્રાય રાખને મૂઆ. અભિપ્રાય એક જ જાતનો હોવો જોઈએ. શું કહો છો તમે ?

**પ્રશ્નકર્તા :** બરાબર છે, એક જાતનો અભિપ્રાય.

## 'જ્ઞાની પુરુષ'નો કેવો સિદ્ધાંત !

**દાદાશ્રી :** મારા ફાધર અભિપ્રાય ન ફેરવે. તેમાંથી ઊંચી વાત શીખેલો. નવું સર્ટિફિકેટ ન ચીતરું ને આપેલામાં ફેર ન પડે.

હું નાનો હતો ત્યારે જે અભિપ્રાય આપેલા ને, હજી તોડ્યા નથી. એટલે શું કે એક ઝાડ હોય તે નાનપણથી ઉછેરીએ, મોટું કરીએ ને પછી કોઈ કહે, 'રસ્તો કરવો છે, માટે ઝાડ કાપી નાખો.' તો આ કહે, 'ભલે કાપી નાખો.' આવું તે હોતું હશે ? તો પછી ઉછેર્યું શા માટે ? અભિપ્રાય એ તો ઉછેરેલા ઝાડ જેવા એ તોડાતા હશે ? ત્યારે કહીએ, 'તારો રસ્તો બાજુએથી કાઢ. મારું ઝાડ કાપવા નહીં દઉં.' આ તો પચ્ચીસ વર્ષના અભિપ્રાય એક કલાકમાં ફ્રેક્ચર કરી નાખે. આ તો મનની સ્થિરતા નહીં, અંતઃકરણની સ્થિરતા નહીં, ચિત્તની સ્થિરતા નહીં એવા લોકો છે. તેમના અભિપ્રાય છે, તે કેવા હોય ?

મારો તો પહેલીથી જ સિદ્ધાંત કે મેં જે છોડવો પાણી પાઈને ઉછેર્યો હોય, તો ત્યાંથી મારે રેલવે લાઈન પણ લઈ જવી હોય તો તેને બાજુથી વાળી લઉં, પણ મારો ઉછેરેલો છોડવો ના ઉખેડું ! સિદ્ધાંત હોવો જોઈએ. એક ફેર મંડન કર્યા પછી ખંડન ક્યારેય પણ ના કરાય. ખંડનની વાત તો ક્યાં રહી, પણ તમે ભેગા થયા છો ત્યારથી તમારા માટે જે અભિપ્રાય બાંધ્યો છે, તે એક સેકન્ડ પણ મારો અભિપ્રાય ના ફરે ! આજે હું નક્કી કરું કે 'આ માણસ ચોખ્ખો છે', પછી એ માણસે મારા ખિસ્સામાંથી પૈસા લીધા હોય, કોઈ વ્યક્તિ પુરાવો આપતો હોય કે મેં એને જાતે ચોરી કરતા જોયો છે તોય હું કહું કે 'એ ચોર નહોય.' કારણ કે અમારી સમજ જુદી છે. એ માણસ કાયમને માટે કેવો છે એવું અમે જોઈ લીધું હોય, પછી સંજોગવશાત્ એ માણસ ગમે તે કરે તેની અમે નોંધ કરીએ નહીં. જગત આખું સંજોગવશાત્‌ની નોંધ કરે છે.

## જ્ઞાનીનું દર્શન સર્વાંગી

આ નોંધ લેવી એ બહુ જુદી વસ્તુ છે. આ જે હું કહું છું એ વાત આમ મારી સમજમાં આવે પણ તે આમ દેખાડવું જરા અઘરું લાગે. કેટલાકને હું કહુંયે ખરો કે આ નોંધ રાખશો નહીં, ને એ સમજી જાય પાછા કે આની નોંધ રાખી તેની ભાંજગડ થઈ. અમે કશી નોંધ ના રાખીએ. આ બધી અવસ્થાઓ ઊભી થાય, પણ નોંધ ના રાખીએ.

**પ્રશ્નકર્તા :** આપ શું જુઓ તે વખતે ?

**દાદાશ્રી :** અમે 'હોલ ફોટોગ્રાફી' લઈએ. આ એકલો જ દોડતો હતો એવી નોંધ ના રાખીએ.

**પ્રશ્નકર્તા :** એ 'હોલ ફોટોગ્રાફી'માં એ દોડતો તો હોય જ ને ?

**દાદાશ્રી :** એ મહીં હોય જ, પણ આમ 'હોલ ફોટોગ્રાફી' લઈએ.

## માત્ર હેતુ જ જોવા જેવો

હું તો અભિપ્રાય કેટલાય વર્ષોથી બાંધતો નથી. આ બધાના છે તે બાંધેલા છે ખરા, બધાના

લેવલ, પણ તે અભિપ્રાય ફેરવ્યો નથી કોઈ દહાડોય. કોઈ પણ સંજોગોમાં ફેરવતો નથી.

આ ભાઈ કોઈ દિવસ કોટના ખિસ્સામાંથી બસ્સો રૂપિયા કાઢે, તે મારી આગળ એક્સેપ્ટ કરે નહીં. તે કોઈ કહે કે 'આ ભાઈએ બસ્સો લીધા', તો હું એને ખરાબ ન કહું. સંજોગો એવા હશે એમ જાણું. સંજોગોવશાત્ થયું. આ પાટીદારને ઘેર આવું હોય નહીં. અને હોય તો કારણ હોય. નેસેસિટિ હેઝ નો લૉ (જરૂરિયાતને કોઈ કાયદો નથી હોતો). હેતુ જ જોવામાં આવે છે. ચોરી કે લુચ્ચાઈ તો આંખોવાળા જુએ, બાકી હેતુ જ જોવાય છે. તે ફી ભરવાની હોય તો ચોરી કરે છે. તે ફી જ ન ભરવાની હોય તો ચોરી શું કામ કરે ?

અમે કોઈ જાતનો ઓપિનિયન ના આપીએ. અમારો ઓપિનિયન એક જ જાતનો, તે એકાદ ફેરો આ ભાઈ ભેગા થઈ ગયા, તો પછી અમે ઓપિનિયન ફેરવીએ નહીં. એક જ જાતનો અભિપ્રાય, તે પછી એ ચોરી કરે, લુચ્ચાઈ કરે, હેરાનગતિ કરે, પણ અમે ઓપિનિયન ફેરવીએ નહીં.

## અભિપ્રાય નહીં બદલવાની દૃષ્ટિ

અમને ખુદ ભગવાન આવે ને કહે તોય હું માનું નહીં. ખુદ ભગવાન આવીને કહે, 'તમને આમ થઈ જશે, તમે આવા છો, તમે તેવા છો, તો હું માનું નહીં.'

કારણ કે આ બધા મારી પાસે લગભગ ૧૦ થી ૧૨ હજાર માણસો તો વિગતવાર થયેલા છે અને બીજા બધા એમના સગાવહાલાં આવે, પચાસ હજાર માણસ આવે પણ તે બધાનો, કોઈનો અભિપ્રાય મેં ફેરવ્યો નથી. ચાલીસ વર્ષથી નોંધ્યું હોય, તમને ત્યાં જોયા ત્યારથી પહેલો અભિપ્રાય પડ્યો, પછી એ અભિપ્રાય ફેરવવાનો નહીં.

**પ્રશ્નકર્તા :** પણ બહારથી તો જુદું દેખાય.

**દાદાશ્રી :** એ જુદું ગમે તેવું હોય, એ અમે સમજીએ કે ભઈ, એ તો સંજોગાધીન છે. પણ અભિપ્રાય અમે કોઈનોય ફેરવ્યો નથી અત્યાર સુધી. આ નીરુબેન ૨૦ વર્ષથી મારી જોડે છે, પણ એમનો અભિપ્રાય ફેરવ્યો નથી. એક સેકન્ડેય અભિપ્રાય નહીં ફેરવ્યો.

## પ્રકૃતિ ઓળખવા ખપે નિષ્પક્ષપાતી હાર્ટ

એટલે પ્રકૃતિ જોવાની શક્તિ મને વધારે આપેલી, કુદરતી જ બક્ષીસ એવી ! પ્રકૃતિ જોઈ લેવાની અને દરેકની પ્રકૃતિ જુદી જ હોય.

**પ્રશ્નકર્તા :** એ જુદી જ હોય, એ તો સમજાય પણ અમે બરાબર જોઈ શકીએ ?

**દાદાશ્રી :** એના માટે એવું નિષ્પક્ષપાતી થવાનું, એવું હાર્ટ (હૃદય) રહેવું જોઈએ ને ! નિષ્પક્ષપાતી રહે નહીં ને !

દરેક માણસ મારે ત્યાં આવે તે જ્યાં સુધી હું વારે ઘડીએ એનું નામ પૂછું, ત્યાં સુધી એનો અભિપ્રાય હું બાંધતો નથી. પછી નામ પૂછવાનું બંધ કરું, ત્યારે મારો અભિપ્રાય બંધાયો હોય.

આ તમને ખબર હશે, તમને નામ પૂછતો હતો ને પહેલાં ? વારે ઘડીએ આવે ત્યારે હું શું કરું કે શું નામ ભાઈ તારું, એવું પૂછું. ત્યારે આ કહે, 'ચંદુભાઈ.' પછી હું ભૂલી ગયો હોઉં પાછો. ફરી પાછા આવે, પછી જ્યારે નામ મને યાદ રહે ત્યારે અભિપ્રાય બંધાયો હોય કે ભઈ, આ માણસ આવો જ છે. બસ બીજી કશી ભાંજગડ નહીં. સ્ટડી (અભ્યાસ) કરી લઈએ થોડો વખત.

## એકવાર બાંધેલો અભિપ્રાય ના બદલું

**પ્રશ્નકર્તા :** આ જે તમે બધાનો સ્ટડી કરો

છો, એ તમે રિયલમાં રહીને કરવાના કે આ બધું રિલેટિવમાં જ કરવાના હોય છે ?

**દાદાશ્રી :** મારું દર્શન જ ઊઘાડું છું, ખુલ્લું દર્શન, દર્શનથી જે દેખાય, નિષ્પક્ષપાતી દર્શન, પછી અભિપ્રાય બદલવો ના પડે. આ તમારો જે અભિપ્રાય બંધાયો છે, એમાં કશું બદલવાનું નહીં. કોઈ કહે, 'ચંદુભાઈએ આમ કર્યું.' પણ એ કશું માન્યામાં ના આવે. ડખલ જ નહીં ને પછી !

**પ્રશ્નકર્તા :** તમારો આ અભિપ્રાય દર્શનથી આવેલો છે, વિચારે કરીને નથી.

**દાદાશ્રી :** હા. નહીં તો તો અભિપ્રાય વારે ઘડીએ ફર્યા કરે. કાનનો કાચો હોય તે હમણે અભિપ્રાય આમ હોય, તે પછી આમ બદલાઈ જાય. એ અભિપ્રાયને શું કરવાના ? અને એ અભિપ્રાય ભડકાટ કેટલો ઘાલે !

**પ્રશ્નકર્તા :** અમે બધાના અભિપ્રાય બાંધીએ છીએ. તે બધાના ગુણ ને દોષ જોઈએ, તો દોષ પહેલાં દેખાય, એવું કેમ થતું હશે ?

**દાદાશ્રી :** એવું છે કે એની પુણ્યૈ હોય ત્યાં સુધી એ બધાને સારા દેખાય અને જ્યારે પાપનો ઉદય વર્તતો હોય ત્યારે આ બધાના અભિપ્રાય ફરી જાય. પણ હું અભિપ્રાય ફેરવું નહીં. એ તો પુણ્ય ને પાપને આધીન વર્ત્યા કરે, તેમાં હું અભિપ્રાય ફેરવું નહીં. હું તો પુણ્યૈમાં જોઈ લઉં એનો અભિપ્રાય, એ અભિપ્રાય રહેવા દઉં. પછી પાપના આધીન ગમે તે થાય! એટલે ડખો જ નહીં ને મતભેદ જ પડે નહીં ને!

## જ્ઞાની પ્રકૃતિને ઓળખીને લે કામ

અત્યારે કળિયુગમાં એક જ ઘરે જુદાં જુદાં છોડવા હોય. એટલે ઘર બગીચારૂપે થયું છે. પણ આ તો જોતાં નથી આવડતું, એનું શું થાય ? તેનું દુઃખ જ થાય ને ! જગતની આ જોવાની દૃષ્ટિ નથી. બાકી, કોઈ ખરાબ હોતું જ નથી. આ મતભેદ તો પોતાના અહંકારને લઈને છે. જેને જોતાં નથી આવડતું, તેનો અહંકાર છે. મને અહંકાર નથી, તો મને આખી દુનિયા જોડે મતભેદ જ નથી પડતો. મને જોતાં આવડે છે કે આ ગુલાબ છે, આ મોગરો છે, આ ધતૂરો છે, આ કડવી ગીલોડીનું ફૂલ છે. એવું બધું હું ઓળખું પાછો. એટલે બગીચા જેવું થઈ ગયું છે. એ તો વખાણવા જેવું થયું ને ? તમને કેમ લાગે છે ?

**પ્રશ્નકર્તા :** બરાબર છે.

**દાદાશ્રી :** એવું છે ને, પ્રકૃતિમાં ફેર ના પડે. અને એ તો એનો એ જ માલ, એમાં ફેર ના પડે. અમે દરેક પ્રકૃતિને પામી લીધેલી હોય. આમ ઓળખી જઈએ. એટલે અમે દરેકની જોડે એની પ્રકૃતિ પ્રમાણે રહીએ. આ સૂર્ય જોડે આપણે બપોરે બાર વાગે મિત્રાચારી કરીએ તો શું થાય ? તેમ આપણે સમજીએ કે આ ઉનાળાનો સૂર્ય છે, આ શિયાળાનો સૂર્ય છે તો પછી વાંધો આવે ?

અમે પ્રકૃતિને ઓળખીએ, એટલે પછી તમે અથડાવા ફરતાં હોય તોય હું અથડાવા નહીં દઉં, હું ખસી જઉં. નહીં તો બેઉનો એક્સિડન્ટ થાય અને બન્નેના સ્પેરપાર્ટસ્ તૂટી જાય. પેલાનું બમ્પર તૂટી જાય, તો મહીં બેઠેલાંની શી દશા થાય ? બેસનારાની દશા બરાબર બેસી જાય ને ! એટલે પ્રકૃતિ ઓળખો. ઘરમાં બધાની પ્રકૃતિ ઓળખી લેવાની. પ્રકૃતિ ઓળખીને તેની સાથે કામ લેવું.

## કોઈનોય દોષ દેખાય તે આપણો દોષ

સામાની પ્રકૃતિની ઓળખાણ થાય તો તેની જોડે વીતરાગતા રહે કે આ ગુલાબનો છોડ છે ને કાંટા વાગે છે. તે ગુલાબને કાંટા હોય જ એવું નક્કી થાય, પછી કાંટા ઉપર રીસ ના ચડે. આપણે

જોઈતા હોય ગુલાબ તો કાંટા ખાવા પડે. પ્રકૃતિની ઓળખાણ થવી એ જ્ઞાન અને જ્ઞાન થયું એટલે વર્તનમાં આવે, બસ.

એટલે પ્રકૃતિને આપણે ઓળખી ગયા કે આ ભઈને આ ગુણ છે, તો પછી એની જોડે વીતરાગતા રહે. એ આપણે જાણીએ કે આનો દોષ નથી, આ તો એની પ્રકૃતિ આવી છે ! એટલે કોઈનોય દોષ દેખાય તે આપણો દોષ છે. આપણું વિજ્ઞાન એવું કહે છે કે 'કોઈ પણ માણસનો દોષ દેખાય તે તમારો દોષ છે. તમારા દોષથી એ રિએક્શન આવેલું છે.'

## શુદ્ધાત્મા અને ભમરડો બે જ

'પ્રકૃતિ એ ભમરડા સ્વરૂપ છે.' ભમરડો એટલે શું ? દોરી વીંટાય એ સર્જન, દોરી ઉકલે ત્યારે ફરે છે તે પ્રકૃતિ. દોરી વીંટાતી હોય ત્યારે કળામય જ વીંટાય અને ઉકલે ત્યારેય કળામય જ ઉકલે.

જો ભાદરણ જઈ આવ્યા ને આપણે. પિતરાઈઓ ભેગી ઓડ બાંધી નહીં, નહીં ? ગામમાંથી એક-બે જણ ના આવ્યા, આવા વિરોધી હશે તે. ઊલટું એ બે જણે શું કર્યું ? ઊલટાં લોકો જ્યાં હોય ત્યાં કહી આવ્યા કે 'દાદા ભગવાન આવ્યા છે, હં કે.' તે એક જણે કહ્યું હઉ કે ઊલટા તમને પ્રૉપગૅન્ડા (પ્રચાર) કરી આપશે. હા, આ તો ઠેર ઠેર કહી આવ્યા. જશો નહીં દર્શન-બર્શન કરવા માટે. અને એ જ છે તે ત્યાં આડું ગા ગા જ કર્યું આખા ગામમાં. આ તો આવું જગત ! ભેગો થાય તો અમને એના માટે અભિપ્રાય ના હોય. તે ભેગો થાય એટલે એને ખબર ના પડે કે 'મારી એમને ખબર છે.' કારણ કે એનો અભિપ્રાય શું રાખવાનો ? એ જ ભમરડો છે જ્યાં. શુદ્ધાત્મા ને ભમરડો બે જ. બીજું છે જ શું ?

## ભમરડા માટે શું અભિપ્રાય?

છતાં એ ભેગો થાય તો એને એમ ના લાગે કે આપણાથી જુદા છે. કારણ કે અમારે જુદાઈ છે નહીં. એ બિચારો ભમરડો છે, ભમરડા માટે શું અભિપ્રાય? એના હાથમાં સત્તા નથી, સંડાસ જવાની સત્તા નથી. એ જે કરી રહ્યો છે તે બધો મારો જ હિસાબ દેખાડી રહ્યો છે. હાસ્તો, એમાં એની સત્તા બિચારીની છે જ નહીં ને ! એ શુદ્ધાત્મા છે ને એના શુદ્ધાત્માને આપણે નમસ્કાર છે. અને બીજી તેની સત્તા જ નથી. જેને સત્તા નથી એને ગુનેગાર ગણીએ, તો મૂરખ કહેવાઈએ આપણે. સંડાસ જવાની જેને સત્તા નથી એને કહીએ કે 'તું સંડાસ કેમ નથી ગયો ?' એવું કહીએ તો આપણે ગુનેગાર કહેવાઈએ ને ?

**પ્રશ્નકર્તા :** હા, કહેવાઈએ.

**દાદાશ્રી :** એવું આ ભમરડામાં સત્તા જ નથી. આ તો નગીને આવું કર્યું છે ? ત્યારે કહે, મગને આવું કર્યું ? પેલા છગને આવું કર્યું ? ના બા, તારો જ હિસાબ આ. આ તો ભમરડા છે. એટલે કોઈ માણસ ઉપર સહેજેય શંકા ના રાખીએ. એ જ ભમરડો છે, એ શું કરવાનો છે ?

જેટલા ચિતરામણ છે એટલી જગ્યાએ ભમરડો ફરશે. આપણે નક્કી કર્યું હોય કે આવો આ ખૂણામાંથી ભમરડો ફરે તો સારું પણ ત્યારે પેલા ખૂણામાં જઈને ફરી આવે. કારણ કે હિસાબ પ્રમાણે ફરશે ને ! સામાવળિયો થઈને પણ દાદા બોલે છે ને, તોયે કહે છે, એનું કલ્યાણ થશે !

## મૂળ આકર્ષણ તો 'જ્ઞાની પુરુષ'નું જ

આપણા મહાત્માઓ ઉપર અભાવ આવે છે ?

**પ્રશ્નકર્તા :** ના.

**દાદાશ્રી :** એમ ! એ મહાત્માઓ પરનો અભાવ પહેલો જતો રહે તોય બહુ થઈ ગયું.

**પ્રશ્નકર્તા :** આપણા મહાત્માઓ માટે એવું નહીં રહેવું જોઈએ કે આપણા મહાત્માઓ આવા જ હોવા જોઈએ ?

**દાદાશ્રી :** 'આવા હોવા જોઈએ' એવું નહીં, પણ આપણા મહાત્માઓ જ્ઞાનમાં જ હોવા જોઈએ. એટલે 'આવા તેવા જોઈએ', એવું નહીં રાખવું. મહાત્માઓ જ્ઞાનમાં છે ને મન ગાંડુંય બોલે, તો એના પરથી અભિપ્રાય ના અપાય.

અહીં સત્સંગમાં, આપણા સર્કલમાં જે માણસો તમને મળશે ને, તે તમને ફીટ થાય એવા જ માણસો મળશે. અને ના ફીટ થાય એવા જે મળે છે, એ ફરજિયાત હતા. એ તો છે જ ફરજિયાત, પછી ભાંજગડ શું છે આપણે ? અને એ તો એની મેળે છૂટી જ જવાનો છે, તમારે એને છોડવો નહીં પડે. કારણ કે આપણે ત્યાં અહીં બધો ઊંચો માલ ખેંચાઈને આવે છે. ભલે પૈસા ઓછા-વત્તા હોય તેનો સવાલ નથી, પણ જ્યાં સિન્સિયારિટી ને મોરાલિટી કંઈક રહી છે, એવા માણસો જ આપણે અહીં આવે છે. આ સાવ ખાલી થઈ ગયેલું નથી. કારણ કે આ આકર્ષણ તો 'જ્ઞાની પુરુષ'નું જ ને ! આ બધા ભેગા થયા, તેમાં મૂળ આકર્ષણ તો 'જ્ઞાની પુરુષ'નું ને ! પછી એમના આકર્ષણથી તમે ને તમારા આકર્ષણથી બીજા અહીં આવવાના, પણ મૂળ વસ્તુ તો 'જ્ઞાની પુરુષ' જ છે ને ! અને આ સિન્સિયારિટી ને મોરાલિટી પર છે ને બધું ! પાછાં બધાય એવા જ સિન્સિયર ને મોરલ અને ખોટો હોય તો તે છૂટી જાય, એની મેળે જ છૂટી જાય. થોડો વખત રહીને, અહીં છ મહિના-બાર મહિના આવીને પણ એની મેળે છૂટી જાય છે.

## જ્ઞાનથી રહી શકે 'એક અભિપ્રાય'

**પ્રશ્નકર્તા :** એવું છે કે મારે અભિપ્રાય બાંધવો નથી, પણ જે ગમતા અને ના ગમતા, બન્નેવ પર અભિપ્રાય બાંધે છે, તેમાં ના ગમતા તો એને આવી પડેલા જ છે ને ?

**દાદાશ્રી :** ના ગમતો તો એની મેળે જ છૂટી જાય, તમારે છોડવો નહીં પડે. અને ગમતા હશે તે રહેવાના છે. તો પછી તમારે આમ એમને સારા-ખોટાં અભિપ્રાય આપીને શું કામ છે ?

એટલે જે લોકો ન ગમે ત્યાં આગળ ધીરજ પકડવી જોઈએ. એ જ ગમનારા માણસો અને એ જ પોતાના અંગત. ના ગમે એટલે તોડફોડ કરી નાખે હડહડાટ. એવું ના કરાય. તેથી એક અભિપ્રાય હોય તે ગમો-નાગમો બેઉ છે તે ભાંગી નાખે, ઊડાડી દે. એક અભિપ્રાય હોય તો ભાંજગડ નહીં.

**પ્રશ્નકર્તા :** એ જ્ઞાની સિવાય એક અભિપ્રાય હોય જ નહીં ને ?

**દાદાશ્રી :** ના, પણ જ્ઞાની પુરુષને દેખીને શીખે ને બીજા ?

**પ્રશ્નકર્તા :** હા, શીખાય ખરું.

**દાદાશ્રી :** જ્ઞાન તો થયું જ છે ને ! પછી અભિપ્રાય બાંધવામાં શું વાંધો છે તે ?

**પ્રશ્નકર્તા :** જે નથી ગમતા એ આપણા અંગત ?

**દાદાશ્રી :** એ જ અંગત, ત્યારે બીજું કોણ ?

**પ્રશ્નકર્તા :** અને જે ગમતા હશે તે અંગત નહીં, એમ તમારું કહેવું છે ?

**દાદાશ્રી :** આ અંગત જ બધા. તેથી જ ગમતા છે ને ! ના ગમતા તેય અંગત છે અને ના ગમતા થયા માટે ગમતા હોવા જોઈએ પહેલા. એટલે આ બધું લોંગ સાઈટથી વિચાર કરે, જુએ-કરે તો માણસને એક અભિપ્રાય રહી શકે, નહીં તો શી રીતે રહી શકે ?

અમે અભિપ્રાય ના બદલીએ કોઈનો. એટલે એક જ એની થિયરી જોઈ લીધેલી અમે, કે ભાઈ, આ પ્રમાણે છે, એટલે પછી બીજો કંઈ ફેરફાર નહીં કરવાનો. એક જ જાતની દૃષ્ટિ રહ્યા કરે. તમે ઊંધું-છત્તું બોલો તોય મને વાંધો નથી, પણ મારી દૃષ્ટિ તમારે માટે બદલાય નહીં. હજુ કોઈ જોડે બદલાઈ નથી. પચાસ હજાર માણસની, કોઈની જોડે બદલાઈ નથી અને અભિપ્રાય તો અમે રાખીએ નહીં કોઈનો. પ્રિજ્યુડીસેય નહીં અને અભિપ્રાયેય નહીં.

## ફરિયાદીને પસ્તાવો થાય, દાદા સમક્ષ

**પ્રશ્નકર્તા :** અમુક માણસો માટે આપણા મનની અંદર પૂર્વગ્રહ છે. બધા કંઈ એવા નથી હોતા.

**દાદાશ્રી :** મને પૂર્વગ્રહ ના હોય ને ! મને કોઈ જાતનો પૂર્વગ્રહ ના હોય ને ! સામાન્ય માણસને પૂર્વગ્રહ હોય જ. મને તો આ જ્ઞાન થયું ને, તે પહેલા પૂર્વગ્રહ હતા. જ્ઞાન થતાંની સાથે જ સબ ચલે ગયા ! પૂર્વગ્રહ એટલે તો થઈ રહ્યો માણસ, પછી પોતે જ ગ્રહાયેલો માણસ આપણને શું કામ કરે (લાગે)? પોતે ગ્રહાયેલો કહેવાય.

એ અભિપ્રાય એ જ પૂર્વગ્રહ છે, પૂર્વગ્રહનું ફળ છે. નહીં તો અમારો કંઈ અભિપ્રાય બદલાતો નથી, કોઈની જોડે. કારણ કે અમને પૂર્વગ્રહ છે નહીં. પછી અમારો અભિપ્રાય શેનો બદલાય તે ?

તમે જાત્રામાં આવીને ગાંડુંઘેલું કર્યું એ અમારે જોવાનું ના હોય. તે દહાડે મને ભેગા થયા એટલું જ જોવાનું હોય. બીજો બધો આખો ઈતિહાસ જોવા નથી આવ્યા, કે કમ્પેર એન્ડ કોન્ટ્રાસ્ટ અહીં કરવાના નથી. અમને તો ફરી અભિપ્રાય જ ઊભો ના થાય ને !

**પ્રશ્નકર્તા :** અભિપ્રાય એક જ હોય.

**દાદાશ્રી :** તમારે માટે ફરિયાદો આવે તોય પણ ના માનું. ફરિયાદો કરનારા ભૂલ ખાય કે દાદાને ક્યાં ફરિયાદ કરી, આ તો સાંભળતા નથી ને કશું ધ્યાનમાં લેતા નથી ! તે એને પસ્તામણ થાય બિચારાને !

## કલ્યાણાર્થે ખપે પૂર્વગ્રહરહિત દશા

સામો વાંકું બોલે ત્યારે એને અમે સમજાવીને કામ લઈએ. તમારાથી એ ના સમજે એનું શું કારણ કે તમારે પ્રિજ્યુડીસ હોય. અમને તો આ ખોટું કરે છે એવું દેખાય જ નહીં. અમારે એને માટે અભિપ્રાય જ ના હોય. તેથી અમે સામાને સમજાવી શકીએ.

એટલે અમે પૂર્વગ્રહ ના રાખીએ. અમે એ માણસને ફરી ફરી આ વાતચીત કરવા દઈએ. અમે સમજી જઈએ કે જુઓ, આનામાં આ છે.

પૂર્વગ્રહરહિત જો માણસ થાય તો કલ્યાણ જ થઈ જાય. કાલે તમે મારી જોડે ઝઘડો કરી ગયા હો ને તો તમે બીજે દહાડે આવો તો અમે કાલની વાત બાજુએ મૂકી દીધેલી હોય. પૂર્વગ્રહ રાખું તો એ મારી ભૂલ છે, પછી ભલે ને તમે બીજે દહાડે એવા નીકળો તેનો વાંધો નથી.

## જેવું જોશો એવા તમે થઈ જશો

ગઈકાલે કોટમાંથી ચોરી ગયો હોય તોય આજે ચોરી જશે એવું આપણાથી ના રખાય. પણ ફક્ત આપણે કોટ એકલો ઠેકાણે મૂકવો જોઈએ. સાવચેતી લેવાની આપણે. ગઈકાલે કોટ બહાર મૂક્યો તો આજ ઠેકાણે મૂકી દેવો પણ પ્રિજ્યુડીસ ના રખાય.

**પ્રશ્નકર્તા :** દાદા, આ પૂર્વગ્રહ જે છે તે નિર્દોષ દૃષ્ટિ જ્યાં સુધી ન થાય, ત્યાં સુધી પૂર્વગ્રહ જાય નહીં ને ?

**દાદાશ્રી :** ના જાય. તેથી અમે કહીએ ને કે જ્ઞાનીઓનું જ કામ છે આ.

**પ્રશ્નકર્તા :** જ્ઞાનીઓ કઈ રીતે પૂર્વગ્રહ છોડે, દાદા ?

**દાદાશ્રી :** એની રીત ના હોય. એમના જ્ઞાનમાં એવું વર્તતું જ હોય કે આજે એના શું ઉદય હોય એનું કહેવાય નહીં. અને આ છે તે એમ જ માને છે કે 'આવો જ ઉદય આવે છે.' એવું માનો છો એનું નામ પૂર્વગ્રહ. કોઈ માણસ કહેશે, 'ત્યારે શું અમારે પૂર્વગ્રહ ના રાખવો ?' ત્યારે હું કહું, 'પૂર્વગ્રહ રાખશો નહીં. તું ચેતવણી રાખજે તારી. તારો કોટ અંદર પોરવી દેજે, પણ પૂર્વગ્રહ છોડી દેજે એનો. વખતે તેવું નીકળે તો આપણો કોટ છેટો મૂકેલો, તે શી રીતે લઈ જાય ?'

**પ્રશ્નકર્તા :** બરાબર છે.

**દાદાશ્રી :** એના તરફનો પૂર્વગ્રહ રાખ્યા કરતાં આપણે ચેતીને ચાલીએ એ શું ખોટું ? અને અમે તો એ ચેતવાની વાતેય ના કરીએ. જ્યારે ત્યારે તો આપી જ દેવાનું છે ને, તો આપણા દેખતા લઈ જાય તો શું ખોટું છે ? જ્યારે ત્યારે બધું વટાવી દેવાનું નથી ? તો આપણા દેખતા લઈ જાય તો આપણને શું? તમને કેવું લાગે છે ?

**પ્રશ્નકર્તા :** ભારે વાત છે, દાદા.

**દાદાશ્રી :** ભગવાન શું કહે છે ? નિષ્પક્ષપાતીને આપણે પૂછીએ કે 'સાહેબ, આપનું શું કહેવું છે ?' ત્યારે કહે, 'એ તમારી દૃષ્ટિમાં ગમે તે ખરું, પણ એ એમની જગ્યાએ સાચા છે.' ત્યારે એ કહે, 'ચોર ચોરી કરે છે તે ?' તે એ એની જગ્યાએ સાચા છે. તમે શા માટે ડહાપણ કરો છો? તમે ફક્ત એને નિર્દોષ દૃષ્ટિથી જુઓ. તમારી પાસે જો નિર્દોષ દૃષ્ટિ હોય તો એનાથી તમે જુઓ. નહીં તો બીજું જોશો નહીં. અને બીજું જોશો તો માર્યા જશો. જેવું જોશો એવા તમે થઈ જશો. શું ખોટું કહે છે ? આ વીતરાગો ડાહ્યા છે ને !

## છેલ્લામાં છેલ્લી વીતરાગોની દૃષ્ટિ

વીતરાગોની કેવી દૃષ્ટિ ! શું દૃષ્ટિએ એમણે જોયું કે જગત નિર્દોષ દેખાયું ? આપણે વીતરાગોને પૂછીએ કે સાહેબ, તમે કઈ આંખે એવું જોયું તે આ જગત તમને નિર્દોષ દેખાયું ? ત્યારે એ કહે, 'એ જ્ઞાનીને પૂછજો. અમે તમને જવાબ આવા ના આપીએ.' ડીટેલમાં, વિગતવાર જ્ઞાનીને પૂછજો. મેં જોયું એ, એમણે તો જોયું પણ મેંય જોયું એ !

તે આ માણસ તમને ગુનેગાર દેખાય છે. તમે એમ માનો છો કે આ માણસે સર્જન કર્યું છે. ગજવું કાપવાનું સર્જ્યું. આખું જગત એવું માને છે, તમે એકલા જ માનતા નથી. હવે મારી ભાષામાં શું છે ? આ વિસર્જન છે, આ કુદરતનું વિસર્જન છે ! એનુંય નથી બિચારાનું, કુદરતનું વિસર્જન છે. કુદરત વિસર્જન કરાવડાવે છે. એ વિસર્જનમાં એને ગજવું કાપવાનું આવ્યું છે.

આખું જગત જે જે કરે છે એ બધું કુદરતી વિસર્જન જ છે. પછી જપ કરો કે તપ કરો, પણ બધુંય કુદરતી વિસર્જન છે. સર્જન આગળ થયેલું. સર્જનમાં પોતે નિમિત્ત હોય છે અને વિસર્જનમાં પોતાનો કંઈ હાથ નથી, એ કુદરતનો જ છે. આ બધું કુદરતી વિસર્જન છે. એ તમને સમજાયું ?

**પ્રશ્નકર્તા :** હા દાદા, સમજાયું.

**દાદાશ્રી :** તો પછી કુદરતી વિસર્જનમાં એનો શો ગુનો છે ? એ ફૂલ ચઢાવે તો એનો ઉપકારેય શો અને ગજવું કાપે તેનો અપકારેય શો ? જ્યાં કુદરતનું જ વિસર્જન છે ત્યાં. આખું જગત જે કંઈ પણ કરી રહ્યું છે, એ કુદરતનું વિસર્જન છે. અમને એવું દેખાયેલું તેટલું અમે ઉઘાડું કરીએ છીએ આવું કો'ક વખત.

વીતરાગોને જેટલી દૃષ્ટિ દેખાઈ એ જ દૃષ્ટિ આ અમારી. છેલ્લામાં છેલ્લી દૃષ્ટિ ! આને કોઈ સુધારી શકે એમ નથી. અમે જે વાક્ય બોલીએ છીએ, એની પર કોઈ છેકો મૂકી શકે એમ નથી વર્લ્ડમાં, ક્યારેય, લાખો વર્ષ પછીય. એટલે પછી તે કાયમની ફેક્ટ વસ્તુ થઈને !

અમારી દૃષ્ટિમાં જે જોયેલું છે, એ અમે ઉઘાડું કરીએ. એટલે ફૂલ ચઢાવે તેની પર અમને રાગ નથી અને કો'ક ગાળ ભાંડે તેની પર દ્વેષ નથી. અમે જાણીએ કે એ કોનું વિસર્જન છે આ ! આ જે દૃષ્ટિએ અમે જોઈએ છીએ એની ઉપર દૃષ્ટિ જ નથી. જે જ્ઞાન અમે જાણ્યું છે તેની ઉપર કોઈ જ્ઞાન નથી. આ છેલ્લામાં છેલ્લી વિગત છે. તે કો'ક ફેરો ઉઘાડું કરી નાખીએ બધુંય.

## સમજીએ જ્ઞાનીની કઠણ જાગૃતિ

મારો નિવેડો ક્યારે આવ્યો જાણો છો ? મને એમ લાગ્યું કે આ લોકોનો દોષ જ નથી. પેલાએ મને કહ્યું એટલે મેં ન્યાય કર્યો કે આ લોકોએ જ ભૂલ કરી. એ આવા જ છે, એ જ મારો પૂર્વગ્રહ છે. જો ન્યાયમાં પછી અન્યાયી થયા ! કારણ કે એ એમનો દોષ નથી. એવું માની લીધું એ ખોટું છે. મારે ના માનવું જોઈએ. એ ભલે હોય દોષિત, તો હિસાબ ગણીએ ત્યારે નીકળે ને ? એ ખરેખર દોષિત હોય તોય મારે માનવું ના જોઈએ. એ દોષિત છે, એમ કેમ માનવું જોઈએ ? કારણ કે હું કોણ ન્યાયધીશ? આ ભાંજગડ બધી અને મારી જાગૃતિ તો કઠણ જાગૃતિ ! એટલે મારી ભૂલથી થયું છે, એની ભૂલથી નહીં.

## અભિપ્રાયને લીધે અટક્યો આત્મ અનુભવ

અભિપ્રાય એ ચોંટ છે. અભિપ્રાય ખોળે તો જડે નહીં. 'સઘળું કરતા સ્વ નહીં કરતા' એ સૂત્ર એકલું જાણ્યે નહીં વળે. એ સમજવું પડશે. આ અંદરની ચોંટને જોવી તે સૂક્ષ્મ વસ્તુ છે, તો જ અભિપ્રાય તૂટે.

અભિપ્રાયને લીધે જેમ છે તેમ જોઈ શકાતું નથી, મુક્ત આનંદ અનુભવાતો નથી. કારણ કે અભિપ્રાયનું આવરણ છે. અભિપ્રાય જ ના રહે ત્યારે નિર્દોષ થવાય. સ્વરૂપજ્ઞાન પછી અભિપ્રાય છે ત્યાં સુધી તમે મુક્ત કહેવાઓ, પણ મહામુક્ત ના કહેવાઓ. અભિપ્રાયને લીધે જ અનંત સમાધિ અટકી છે.

અભિપ્રાય એ તો પહેલાનો કરાર છે. એ કરારને ફાડી તે પછી ક્રિયા કરાય પણ આ તો છૂપો અભિપ્રાય રહે. એ ખબર પડતી નથી. આ પોલીસવાળો પકડીને લઈ જાય તો ગમે ? ના. ત્યાં અભિપ્રાય કેવો રહે ? એ લઈ જાય છે એ સારું નથી. બસ એમ જ જ્ઞાન પછી સંસારી જે જે ક્રિયા થાય ત્યાં અભિપ્રાય ના રહેવો જોઈએ.

જન્મથી મરણ પર્યંત 'સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ' (વૈજ્ઞાનિક સાંયોગિક પુરાવાઓ)ના હાથમાં છે, તો અભિપ્રાય રાખવાની જરૂર જ ક્યાં છે ? સ્વરૂપજ્ઞાન મળ્યા પછી, જ્ઞાતા-જ્ઞેયનો સંબંધ પ્રાપ્ત થયા પછી બે-પાંચ અભિપ્રાયો પડ્યા હોય તેને કાઢી નાખીએ એટલે 'વીથ ઓનર્સ' (સન્માન સાથે) પાસ થઈએ આપણે !

જ્યાં સુધી 'કરવું પડે' એવું બોલાય છે તેનો વાંધો નથી, પણ તેવો અભિપ્રાય વર્તે છે ત્યાં સુધી આત્મા પૂર્વવત્ ના થાય. ખાનગીમાં અંદર 'કર્યા વગર થાય જ નહીં' એવો અભિપ્રાય વર્તે છે, તે ના જાય ત્યાં સુધી 'વ્યવસ્થિત' પૂરેપૂરું સમજમાં ના આવે. આ વાત ઝીણીયે છે અને જાડીયે છે. સમજે તો કામ કાઢી નાખે. અભિપ્રાયને લીધે તો આખો આત્માનો અનુભવ અટક્યો છે !

**- જય સચ્ચિદાનંદ**

## સત્સંગ મેળવવાના વિવિધ ડિજિટલ માધ્યમો

**AKonnect App :** Android **અને** iPhone **મોબાઈલમાં** AKonnect App **દ્વારા આપને સત્સંગ અપડેટ્સ, પૂજ્યશ્રીના અપડેટ્સ, લોકલ સેન્ટરના અપડેટ્સ તથા** MMHT, WMHT, PMHT, GNC, MBA **વિગેરે ગ્રુપ્સના અપડેટ્સ અને માહિતી નિયમિતરૂપે આપવામાં આવે છે. તે ઉપરાંત ટુડેઝ એનરઝાઈઝર, આપ્તસૂત્ર, વેબસાઈટ વોલપેપર વગેરેના અપડેટ્સ પણ આપવામાં આવે છે.**
Akonnect app - https://akonnect.org/app

**Dadabhagwan App :** Android **અને** iPhone **મોબાઈલમાં** Dadabhagwan App **દ્વારા સત્સંગ શેડ્યુલ, પુસ્તકો, ઓડીયો - વિડિયો સત્સંગ, મેગેઝિન, ફોટો ગેલેરી, સત્સંગ સેન્ટરોની માહિતી તેમજ સાધના મોડ્યુલ દ્વારા વિવિધ સત્સંગ સંબંધી માહિતી તેમજ સામગ્રી ઉપલબ્ધ હોય છે.**
Dadabhagwan app - https://www.dadabhagwan.org/app

**dadabhagwan.tv : આ વેબસાઈટ દ્વારા દિવસમાં ૨૪ કલાક નોન-સ્ટોપ સત્સંગ પ્રસારિત થયા કરે છે. આપ ગમે તે સમયે તેમા જોડાઈને સત્સંગ સાંભળી શકો છો. -** https://www.dadabhagwan.tv

**YouTube ચેનલ : દાદા ભગવાન ફાઉન્ડેશનની** YouTube **ચેનલ પર મુમુક્ષુઓ અને મહાત્માઓને ઉપયોગી થાય એવા ઘણાં બધાં વિડિયો મૂકવામાં આવ્યા છે અને નવા નવા વિડિયો નિયમિત અપલોડ કરવામાં આવે છે. આપ અપડેટ્સ મેળવવા આ ચેનલ સબસ્ક્રાઈબ કરી શકો છો.**
https://www.youtube.com/user/dadabhagwan

**ઉપરોક્ત બન્ને મોબાઈલ એપ, ટીવીની વેબસાઈટ તેમજ યુ ટ્યુબ ચેનલ પર પૂજ્યશ્રીના જે સત્સંગ લાઈવ વેબકાસ્ટ થવાના હોય તે સત્સંગ તે જ સમયે લાઈવ જોઈ શકાય છે.**

**dadabhagwan.fm : આ વેબસાઈટ દ્વારા આપ દિવસભર નોનસ્ટોપ ઓડિયો સત્સંગ સાંભળી શકો છો. આપ વેબસાઈટની મુલાકાત લઈ, તેમાં વિવિધ મોડ્યુલ વિશે જાણકારી મેળવી વિવિધ સત્સંગ, ભક્તિપદ, જ્ઞાનવાણી સામાયિક સંબંધી સત્સંગ, આરતી વિગેરે સાંભળી શકો છો.**
https://www.dadabhagwan.fm

---

## દાદાવાણીના વાર્ષિક/૧૫ વર્ષના મેગેઝિનના સભ્યો માટે સૂચના

આપનું લવાજમ પૂરું ક્યારે થાય છે, તે કઈ રીતે જાણશો ? આપને ત્યાં આવેલ દાદાવાણીના કવરના એડ્રેસ લેબલ પરના મેમ્બરશીપ નંબરના છેલ્લા છ અંક તપાસો. દા.ત. DGFT555/**08-2028** એટલે તમારું લવાજમ ઓગષ્ટ-૨૦૨૮માં પૂરું થાય છે.

---

## દાદાવાણી મેગેઝીનના સભ્યો માટે સૂચના

દાદાવાણીના જે સભ્યોને અંક ન મળતા હોય અથવા મોડા મળતા હોય, તેમણે અગાઉ મળેલ દાદાવાણીના કવર પર અથવા દાદાવાણી લવાજમ ભર્યાની રસીદ પર પોતાની તમામ વિગતો જેવી કે નામ, સરનામું, ગામ/શહેર, પીનકોડ વિગેરે ચેક કરવા. એમાં કંઈ પણ ભૂલ હોય તો તમારો ગ્રાહક નંબર, પૂરું નામ-સરનામું (પિનકોડ સાથે) લખી મોબાઈલ નં. ૮૧૫૫૦૦૭૫૦૦ પર SMS કરવો. આપ અડાલજ ત્રિમંદિરના સરનામે પત્ર દ્વારા અથવા dadavani@dadabhagwan.org ઈમેલ આઈ-ડી પર પણ આ માહિતી જાણ કરી શકો છો. જેથી આપની અત્રે નોંધાયેલ વિગતોમાં સુધારો થઈ શકે. જો આપને દાદાવાણીનો અંક ન મળે તો ઉપરોક્ત કોઈ પણ માધ્યમથી અમોને જાણ કરવા વિનંતી છે. એ અંક સ્ટોકમાં હશે તો આપને ફરીથી મોકલવામાં આવશે.

## આત્મજ્ઞાની પૂજ્યશ્રી દીપકભાઈના સત્સંગ કાર્યક્રમો - લાઈવ વેબકાસ્ટ દ્વારા

| | | |
|---|---|---|
| **૧૪ નવેમ્બર** | રાત્રે ૮-૩૦ થી ૧૦-૩૦ | **દિવાળી નિમિત્તે વિશેષ ભક્તિ** |
| **૧૬ નવેમ્બર** | સવારે ૮ થી ૯-૧૫ | **નૂતન વર્ષની ઉજવણી** |

### પરમ પૂજ્ય દાદા ભગવાનનો ૧૧૩મો જન્મજયંતી મહોત્સવ

| | | |
|---|---|---|
| **૨૬ - ૨૮ નવેમ્બર** | સવારે ૮ થી ૯ | **સત્સંગ** |
| | રાત્રે ૮-૩૦ થી ૧૦ | **સત્સંગ** |
| **૨૯ નવેમ્બર** | સવારે ૮ થી ૯-૩૦ | **જન્મજયંતી દિવસ ઉજવણી** |
| | રાત્રે ૮-૩૦ થી ૧૦ | **જન્મજયંતી દિવસ ઉજવણી** |
| **૩૦ નવેમ્બર** | સવારે ૮ થી ૯ | **સત્સંગ** |
| | રાત્રે ૮-૩૦ થી ૧૦ | **સત્સંગ** |

### ડિસેમ્બર પારાયણ - આપ્તવાણી-૧૪ ભાગ-૨

| | | |
|---|---|---|
| **૨૬ અને ૨૭ ડિસેમ્બર** | સવારે ૧૦ થી ૧૨ | **પારાયણ - વાંચન અને પ્રશ્નોત્તરી** |
| | રાત્રે ૮-૩૦ થી ૧૦-૩૦ | **પારાયણ - વાંચન અને પ્રશ્નોત્તરી** |
| **૨૮ ડિસે. થી ૧ જાન્યુ.** | સવારે ૮ થી ૯ | **પારાયણ - વાંચન** |
| | રાત્રે ૮-૩૦ થી ૧૦-૩૦ | **પારાયણ - વાંચન અને પ્રશ્નોત્તરી** |
| **૨ અને ૩ જાન્યુઆરી** | સવારે ૧૦ થી ૧૨ | **પારાયણ - વાંચન અને પ્રશ્નોત્તરી** |
| | રાત્રે ૮-૩૦ થી ૧૦-૩૦ | **પારાયણ - વાંચન અને પ્રશ્નોત્તરી** |

**નોંધ : આપ્તવાણી ૧૪ ભાગ - ૨ પેજ નં ૧૨૨થી વાંચન,** 'આમાં નિયતિ ક્યાં'....... હેડિંગથી.

**[ઉપરોક્ત કાર્યક્રમમાં સમય-સંજોગને આધીન ફેરફાર થઈ શકે છે.]**

---

### વિશેષ નિવેદન

કોરોના વાયરસ મહામારીના કારણે વર્તમાન પરિસ્થિતિમાં પૂજ્યશ્રી દીપકભાઈના જાહેર સત્સંગ કાર્યક્રમો હાલ સ્થગિત છે. જે ભવિષ્યમાં પરિસ્થિતિ સામાન્ય થયા બાદ યોજવામાં આવશે.

મહામારીને ધ્યાનમાં રાખી અડાલજ ત્રિમંદિર ખાતે દિવાળી-બેસતું વર્ષ તેમજ મહેસાણા ખાતે જન્મજયંતી મહોત્સવની ઉજવણી મહાત્માઓની હાજરીમાં શક્ય નહીં બની શકે, જેની મહાત્માઓએ નોંધ લેવી. હાલની જેમ ઓનલાઈન ઈન્ટરનેટ દ્વારા સત્સંગો તેમજ ઉત્સવોની ઉજવણી ચાલુ રહેશે.

---

**ત્રિમંદિરોના સંપર્ક : અડાલજ :** ૯૩૨૮૬૬૧૧૬૬-૭૭; **રાજકોટ :** ૯૯૨૪૩૪૩૪૭૮; **ભુજ** ૯૯૨૪૩૪૫૫૮૮; **ગોધરા :** ૯૭૨૩૭૦૭૭૩૮; **મોરબી :** ૯૯૨૪૩૪૧૧૮૮; **સુરેન્દ્રનગર :** ૯૭૩૭૦૪૮૩૨૨; **અમરેલી :** ૯૯૨૪૩૪૪૪૬૦; **વડોદરા :** ૯૫૭૪૦૦૧૫૫૭; **અંજાર :** ૯૯૨૪૩૪૬૬૨૨ ; **જામનગર :** ૯૯૨૪૩૪૩૬૮૭ ; **મુંબઈ :** ૯૩૨૩૫૨૮૯૦૧

**અન્ય સેન્ટરોના સંપર્ક : અમદાવાદ (દાદા દર્શન) :** (૦૭૯) ૨૭૫૪૦૪૦૮; **વડોદરા (દાદા મંદિર) :** ૯૯૨૪૩૪૩૩૩૫;

**U.S.A.-Canada:** +1 877-505-DADA (3232); **U.K.:** +44 330-111-DADA (3232); **Australia :** +61 421127947

# પૂજ્ય નીરુમા / પૂજ્ય દીપકભાઈને નિહાળો ટીવી ચેનલ પર





## ભારત

- **'અરિહંત' ચેનલ** પર દરરોજ સવારે ૨-૫૦ થી ૩-૫૦, બપોરે ૨-૩૦ થી ૩, રાત્રે ૮ થી ૯
- **'साधना'** पर हर रोज सुबह 7-50 से 8-15 तथा रात 9-30 से 9-55 (हिन्दी में)
- **'दूरदर्शन'-उत्तरप्रदेश** पर हर रोज सुबह 7 से 8 (हिन्दी में)
- **'વાલમ'** પર દરરોજ સાંજે ૬ થી ૬-૩૦ - **નવો કાર્યક્રમ** (ફક્ત ગુજરાત રાજ્યમાં)
- **'उड़ीसा प्लस' टीवी** पर हर रोज सुबह 7-30 से 8 (हिन्दी में- केवल उड़ीसा में)

## USA - Canada

- 'TV Asia'- પર દરરોજ સવારે ૭-૩૦ થી ૮ EST
- 'Rishtey' पर हर रोज सुबह 7 से 7-30 तथा 8 से 8-30 EST (हिन्दी में)

## U K

- **'वीनस'** टीवी पर हर रोज सुबह 8 से 8-30 GMT (हिन्दी में)
- **'વીનસ'** ટીવી પર દરરોજ સવારે ૮-૩૦ થી ૯ GMT
- **'MA TV'** પર દરરોજ સાંજે ૫-૩૦ થી ૬-૩૦ GMT
- **'Rishtey'** पर हर रोज सुबह 7 से 7-30 Western European Time (6 to 6-30 am GMT)

## USA - UK - Africa - Australia

- **'આસ્થા ગ્લોબલ'** પર સોમ થી શુક્ર રાત્રે ૧૦ થી ૧૦-૩૦ IST
  (ડિશ ટીવી ચેનલ **UK-૮૪૯**, **USA-૭૧૯**) (ગુજરાતી અને હિન્દીમાં)

## Australia

- **'Rishtey'** पर हर रोज सुबह 8 से 8-30 तथा दोपहर 1-30 से 2 (हिन्दी में)

## Fiji - NZ - Singapore - SA - UAE

- **'Rishtey'** पर हर रोज सुबह 6 से 6-30 तथा 7-30 से 8 (हिन्दी में)

નવેમ્બર ૨૦૨૦
વર્ષ-૨૬, અંક-૩
સળંગ અંક-૩૦૩

દાદાવાણી

Date Of Publication 1st of Every Month
Reg. no. of Newspaper 67543/95
Reg. no. G-GNR-347/2018-2020
valid up to 31-12-2020
LPWP Licence No. PMG/HQ/037/2018-20
Valid up to 31-12-2020
Posted at SRO Gandhinagar
on 1st of every month.

## જ્ઞાની પોતાનો અભિપ્રાય કોઈની પર ઠોકી બેસાડે નહીં

આપણે પહેલા આપણો મત ના મૂકવો. સામાને પૂછવું કે આ બાબતમાં તમારે શું કહેવું છે ? સામો એનું પકડી રાખે તો આપણે આપણું છોડી દઈએ. આપણે તો એટલું જ જોવાનું કે કયે રસ્તે સામાને દુઃખ ના થાય. આપણો અભિપ્રાય સામા ઉપર બેસાડવો નહીં, સામાનો અભિપ્રાય આપણે લેવો. અમે તો બધાનો અભિપ્રાય લઈને 'જ્ઞાની' થયા છીએ. હું મારો અભિપ્રાય કોઈ પર બેસાડવા જાઉં તો હું જ કાચો પડી જાઉં. આપણા અભિપ્રાયથી કોઈને દુઃખ ના હોવું જોઈએ.

**- દાદાશ્રી**

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક અને મુદ્રક - ડિમ્પલ મહેતાએ અંબા ઓફસેટ, B-૯૯, GIDC, સેક્ટર-૨૫, ગાંધીનગર-૩૮૨૦૨૫ ખાતે છપાવી પ્રકાશિત કર્યું.